ગુજરાતનું વિશ્વસનિય દૈનિક
# પાક્કો ગુજરાત
RNI NO. : GUJGUJ/2016/67425



07 JUNE,2025 SATURDAY


પેજ 2  રાજ્યમંત્રી મુકેશ પટેલ સહકારી ભ્રષ્ટાચારીઓ નેતાઓ ઉપર ફરી ભડક્યા

પેજ 3  ચાંદોદ ખાતે ગંગા દશેહરાની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરાઈ

પેજ 7  પ્રાંતિજના ફતેપુરમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

પેજ 5 સ્પિનર પિયુષ ચાવલાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી


pakkogujarat/ | Vol. 10 I Issue : 84 I Page : 8 I Price : 1.00/- I Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com

### મોદીએ કહ્યું, 22 એપ્રિલે પાકિસ્તાને કાશ્મીરિયત પર હુમલો કર્યો, અમે તે લોકોનો વિનાશ કર્યો

# PMએ તિરંગો બતાવી ચિનાબ આર્ચ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું

## કટરામાં અંજીબ્રિજ અને કાશ્મીરની પ્રથમ ટ્રેન વંદે ભારતને લીલી ઝંડી બતાવી

### ઉત્તરી રેલવે 7 જૂનથી કટરા-શ્રીનગર રૂટ પર વંદે ભારત ટ્રેન સેવા શરૂ કરશે

• શ્રીનગર

PM મોદીએ શુક્રવારે કટરામાં કહ્યું, 'દુર્ભાગ્યવશ, આપણો પાડોશી દેશ માનવતા વિરુદ્ધ છે, સંવાદિતા વિરુદ્ધ છે. તે એક એવો દેશ છે, જે ગરીબોની આજીવિકાની પણ વિરુદ્ધ છે. 22 એપ્રિલે પહેલગામમાં જે બન્યું એ એનું ઉદાહરણ છે. પાકિસ્તાને માનવતા અને કાશ્મીરિયત પર હુમલો કર્યો. અમે 6 જૂને તેનો વિનાશ કર્યો.' આ પહેલાં PMએ જમ્મુના રિયાસી જિલ્લામાં ચિનાબ નદી પર બનેલા વિશ્વના સૌથી ઊંચા રેલવે ચિનાબ આર્ચ બ્રિજનું તિરંગો લહેરાવીને ઉદ્ઘાટન કર્યું હતું. આ પછી તેમણે કટરામાં અંજીબ્રિજ અને કાશ્મીરની પ્રથમ ટ્રેન વંદે ભારતને લીલી ઝંડી બતાવી.

વંદે ભારત ટ્રેન આવતીકાલથી શરૂ થશે ઉત્તરી રેલવે 7 જૂનથી કટરા-શ્રીનગર રૂટ પર વંદે ભારત ટ્રેન સેવા શરૂ કરશે. ટિકિટ બુકિંગ IRCTC વેબસાઈટ પર કરી શકાય છે. કટરા અને શ્રીનગર વચ્ચે અઠવાડિયામાં 6 દિવસ બે ટ્રેન દોડશે.ઉત્તરી રેલવેએ જણાવ્યું હતું કે ટ્રેનમાં બે ટ્રાવેલ ક્લાસ છે. ચેર કારનું ભાડું રૂ.715 અને એક્ઝિક્યુટિવ ક્લાસનું ભાડું રૂ.1320 છે. હાલમાં ટ્રેનો ફક્ત બનિહાલ ખાતે જ રોકાશે. અન્ય સ્ટોપેજ અંગેનો નિર્ણય પછી લેવામાં આવશે.10 કલાકની મુસાફરી લગભગ 3 કલાકમાં પૂર્ણ થશે આઝાદીનાં 77 વર્ષ પછી પણ હિમવર્ષાની મોસમમાં કાશ્મીર દેશના અન્ય ભાગોથી કપાયેલું રહે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-44 બંધ થવાને કારણે ખીણ સુધી પહોંચ અવરોધિત છે. આ ઉપરાંત જમ્મુથી કાશ્મીર સુધી રોડ માર્ગે મુસાફરી કરવામાં 8થી 10 કલાક લાગતા હતા. ટ્રેન શરૂ થતાં આ યાત્રા લગભગ ત્રણ કલાકમાં પૂર્ણ થશે.

PM મોદીએ કહ્યું કે 'અમરનાથ યાત્રા 3 તારીખથી શરૂ થઈ રહી છે. ઈદનો માહોલ પણ છે. આ બધા પર આતંકવાદી હુમલાની કોઈ અસર થવાની નથી. નરેન્દ્ર મોદીએ વચન આપ્યું છે કે તેઓ વિકાસને રોકવા નહીં દે. જો કોઈ અવરોધ આવશે તો તેનો સામનો મોદી સામે કરવો પડશે. આજે 6 જૂન છે. એક મહિના પહેલાં, 6 મેની રાત્રે પાકિસ્તાન બરબાદ થઈ ગયું હતું. જો પાકિસ્તાન ક્યારેય ઓપરેશન સિંદૂર વિશે વિચારશે, તો તેને તેની હાર યાદ આવશે. પાકિસ્તાને ક્યારેય વિચાર્યું ન હતું કે ભારત તેમના ક્ષેત્રમાં આતંકવાદી છાવણીઓ પર હુમલો કરશે. આતંકની ઈમારતો ખંડેર બની ગઈ છે. પાકિસ્તાન ગભરાઈ ગયું છે. આ ગુસ્સામાં તેણે જમ્મુ અને પૂંછ સહિત ઘણા વિસ્તારોમાં ઘરો, મંદિરો, ગુરુદ્વારાઓ પર ગોળીબાર કર્યો છે. દેશના દરેક નાગરિકે તમે જે રીતે લડ્યા તે જોયું. દેશવાસીઓ તમારી સાથે પૂરી તાકાતથી ઉભા છે.'



## બેંગલુરુમાં નાસભાગ: વિરાટ કોહલી સામે ફરિયાદ નોંધાઈ

• બેંગ્લોર

4 જૂને બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી ભાગદોડના સંદર્ભમાં ક્રિકેટર વિરાટ કોહલી વિરુદ્ધ કબ્બન પાર્ક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સામાજિક કાર્યકર્તા એચ.એમ. વેંકટેશે પોતાની ફરિયાદમાં આ દુર્ઘટના માટે કોહલીને જવાબદાર ઠેરવ્યા છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે કોહલી વિરુદ્ધ હજુ સુધી કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવી નથી. અત્યાર સુધી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB), ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની DNA એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અને કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન (KSCA) સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે.RCB અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના ચાર અધિકારીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. કોર્ટે બધાને 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. કર્ણાટક હાઈકોર્ટે KSCA અધિકારીઓને 16 જૂન સુધી ધરપકડથી રાહત આપી છે. કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન (KSCA)એ 4 જૂને બેંગલુરુમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ના ખેલાડીઓ માટે વિજય પરેડ માટે પરવાનગી માંગી હતી. KSCAએ 3 જૂને આ સંદર્ભમાં રાજ્ય સરકારને પત્ર લખ્યો હતો. સમાચાર એજન્સી PTIએ આ પત્ર જોયો હોવાનો દાવો કર્યો છે. RCBના સિનિયર માર્કેટિંગ ઓફિસર નિખિલ સોસાલે પર વિક્ટ્રી પરેડ અને સમારોહ માટે મફત પાસ આપવા અંગે સો.મીડિયા પર પોસ્ટ કરવાનો આરોપ છે. RCBના સિનિયર માર્કેટિંગ ઓફિસર નિખિલ સોસાલે પર વિક્ટ્રી પરેડ અને સમારોહ માટે મફત પાસ આપવા અંગે સો.મીડિયા પર પોસ્ટ કરવાનો આરોપ છે.

ગુરુવારે અગાઉ સીએમ સિદ્ધારમૈયાએ બેંગલુરુ પોલીસ કમિશનર બી દયાનંદ સહિત 8 અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા. બી દયાનંદના સ્થાને આઈપીએસ અધિકારી સીમંત કુમાર સિંહને નવા પોલીસ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## ટ્રમ્પે 11 વાર સરેન્ડરની વાત કહી, તો PM કેમ ના બોલી શક્યા કે આ ખોટું : રાહુલ ગાંધી

• નાલંદા

રાહુલ ગાંધી ગયાજીના એક રિસોર્ટમાં મહિલાઓ સાથે વાતચીત કરી. રાહુલ ગાંધી મહિલાઓ સાથે જમીન પર બેઠા હતા. મહિલાઓએ રાહુલ ગાંધીને તેમના સંઘર્ષની વાર્તાઓ કહી. રાજગીરમાં અગાઉ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે 'મોદીને સરેન્ડર કરવાની આદત છે. ટ્રમ્પે જાહેરમાં 11 વાર કહ્યું હતું કે મેં મોદીને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર કર્યા હતા. પીએમ કંઈ કહી શક્યા નહીં. તેમણે કેમ ન કહ્યું કે ટ્રમ્પ ખોટું બોલી રહ્યા છે.' તેઓ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં સંબોધિત કરી રહ્યા હતા. તેમના 30 મિનિટના ભાષણમાં તેમણે કહ્યું હતું કે 'મોદીજી દરેક ભાષણમાં કહેતા હતા કે હું ઓબીસી છું. જાતિ વસતિગણતરી વિશે વાત કર્યા પછી તેઓ કહે છે કે ભારતમાં કોઈ જાતિ નથી. જો કોઈ જાતિ નથી, તો તમે ઓબીસી કેવી રીતે બન્યા?'

બિહારની નવી વ્યાખ્યા ભારતનું ગુનાનું પાટનગર છે. તમે ક્યાંથી ક્યાં પહોંચ્યા છો? પહેલાં દુનિયાભરના લોકો નાલંદા આવતા હતા, આજે લોકો અહીંથી આખી દુનિયામાં જાય છે.દેશનું બજેટ 11 અધિકારી દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. 90% અધિકારીઓમાં કોઈ દલિત, પછાત કે અત્યંત પછાત નથી. જ્યારે મજૂરોમાં તમને ફક્ત ઓબીસી, દલિત અને અત્યંત પછાત જ જોવા મળશે.

## બિહાર સહિત 8 રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

• નવી દિલ્હી

શુક્રવારે હવામાન વિભાગે બિહાર સહિત પૂર્વોત્તરના 7 રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. તે જ સમયે 17 રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. પશ્ચિમ રાજસ્થાન, તમિલનાડુ અને પુડુચેરીમાં ગરમી અને ભેજની સંભાવના છે. આજે રાજસ્થાનના 8 જિલ્લામાં વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ગુરુવારે પણ 12 જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. બીજી તરફ, મધ્યપ્રદેશમાં શુક્રવારે સતત 42મા દિવસે તોફાનની ચેતવણી આપવામાં આવી છે. ભોપાલ-ઈન્દોર સહિત 45 જિલ્લામાં ભારે તોફાન સાથે વરસાદની શક્યતા છે. આ દરમિયાન ગુરુવારે પણ દેશના પૂર્વોત્તર રાજ્યોમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલન ચાલુ રહ્યું.

## G7 સમિટમાં કેનેડા જશે PM મોદી, કેનેડિયન વડાપ્રધાનું આમંત્રણ

• ન્યુ દિલ્હી

પીએમ મોદીને કેનેડામાં યોજાનારી G7 સમિટ માટે આમંત્રણ મળ્યું છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ પોતે ફોન કોલ દ્વારા પીએમ મોદીને આમંત્રણ આપ્યું છે. પીએમ મોદીએ કેનેડાના વડાપ્રધાન કાર્નેનું આમંત્રણ તાત્કાલિક સ્વીકાર્યું છે. પીએમ મોદીએ પોતે X પર આ માહિતી પોસ્ટ કરી છે.કેનેડાના વડાપ્રધાન @MarkJCarney સાથે ફોન પર વાત કરવાનો આનંદ થયો. તાજેતરની ચૂંટણીઓમાં તેમની જીત બદલ તેમને અભિનંદન આપ્યા અને આ મહિનાના અંતમાં કનાનાસ્કિસમાં યોજાનારી G7 સમિટમાં મને આમંત્રણ આપવા બદલ તેમનો આભાર માન્યો. ઊંડા સંબંધોથી બંધાયેલા જીવંત લોકશાહી દેશો તરીકે, ભારત અને કેનેડા પરસ્પર આદર અને સહિયારા હિતોના માર્ગદર્શન હેઠળ નવા જોશ સાથે સાથે કામ કરશે. સમિટમાં મુલાકાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. G7માં કયા દેશો છે G7 સમિટ એ વિશ્વના સાત સૌથી વિકસિત અર્થતંત્રોના નેતાઓની વાર્ષિક બેઠક છે. કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ તેના સભ્યો છે. યુરોપિયન યુનિયન પણ ચર્ચામાં ભાગ લે છે.

### રશિયાએ ઓપરેશન સ્પાઇડર વેબનો બદલો લીધો

## ડ્રોન-ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઈલોથી યુક્રેન પર રશિયાનો ઘાતકી હુમલો

### રહેણાક વિસ્તારોને નિશાન બનાવ્યા, 5 લોકો માર્યા ગયા

• મોસ્કો

રશિયાએ 5 દિવસ પછી બદલો લીધો. બદલો એવો હતો કે યુક્રેન ફરી એકવાર પરાજિત થયું. રશિયાએ યુક્રેન પર ડ્રોનનો વરસાદ કર્યો અને બેલિસ્ટિક મિસાઈલોથી વિનાશ વેર્યો. યુક્રેનમાં એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરવામાં આવી છે. કિવના ઓબ્લાન અને ક્લિત્સ્કોમાં સાયરન સતત વાગી રહ્યાં છે. રશિયન હુમલામાં યુક્રેનના 5 લોકો મૃત્યુ પામ્યા છે, ખાર્કિવમાં 4 બાળક ઘાયલ થયાં છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે.રાષ્ટ્રપતિ પુતિનને યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કર્યાને થોડા કલાકો જ થયા છે. આ સમય દરમિયાન તેમણે પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે પત્રકારોને શું કહ્યું? ટ્રમ્પે 1 જૂને રશિયા પર યુક્રેનિયન હુમલા પછી પુતિન શું વિચારી રહ્યા હતા એ વિશ્વને જણાવ્યું. રશિયા પર યુક્રેનિયન હુમલા પછી ટ્રમ્પે પુતિન સાથે 1 કલાક વાત



કરી તેમને શાંત કરવાની કોશિશ કરી, પરંતુ પુતિન સહમત થવાના નહોતા. આ વાતચીત પછી પુતિનના મૂડનું વર્ણન કરતાં ટ્રમ્પે પત્રકારોને કહ્યું, "રાષ્ટ્રપતિ પુતિને મને ખૂબ જ સ્પષ્ટપણે કહ્યું કે તેમણે એરપોર્ટ પર તાજેતરના હુમલાનો જવાબ આપવો પડશે."

## બાંગ્લાદેશમાં એપ્રિલ 2026માં ચૂંટણી યોજાશે: ચીફ એડવાઈઝર યુનુસે જાહેરાત કરી

### સેનાએ આ વર્ષે ડિસેમ્બર સુધીમાં યોજવા કહ્યું હતું

• ઢાકા

બાંગ્લાદેશમાં એપ્રિલ 2026માં સામાન્ય ચૂંટણીઓ યોજાશે. વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે શુક્રવારે સાંજે આ જાહેરાત કરી. આગામી સામાન્ય ચૂંટણી એપ્રિલ 2026ના પહેલા પખવાડિયામાં યોજાશે. આ માટે, ચૂંટણી પંચ પછીથી વિગતવાર રોડમેપ રજૂ કરશે.યુનુસે કહ્યું કે ચૂંટણી માટે જરૂરી તમામ સુધારા આવતા વર્ષ સુધીમાં પૂર્ણ થઈ જશે. ગયા વર્ષે ઓગસ્ટમાં શેખ હસીનાના બળવા પછી મોહમ્મદ યુનુસને વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર બનાવવામાં આવ્યા હતા.આ વર્ષની શરૂઆતમાં, યુનુસે કહ્યું હતું કે બાંગ્લાદેશમાં 2025ના અંત સુધીમાં અથવા 2026ના પહેલા ભાગમાં ચૂંટણીઓ યોજાઈ શકે છે. આ વર્ષની શરૂઆતમાં, યુનુસે કહ્યું હતું કે બાંગ્લાદેશમાં 2025ના અંત સુધીમાં અથવા 2026ના પહેલા ભાગમાં ચૂંટણીઓ યોજાઈ શકે છે.સેનાએ આ વર્ષે ડિસેમ્બર સુધીમાં ચૂંટણી કરાવવા કહ્યું હતું બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાએ 22 મેના રોજ લશ્કરી મુખ્યાલયમાં અધિકારીઓના મેળાવડાને સંબોધિત કર્યો હતો. આ સમય દરમિયાન, સેના અને વચગાળાની સરકાર વચ્ચેનો સંઘર્ષ સામે આવ્યો હતો. અધિકારીઓને સંબોધતા, આર્મી ચીફે સ્પષ્ટ કર્યું કે સામાન્ય ચૂંટણીઓ આ વર્ષે ડિસેમ્બર પછી મુલતવી રાખવી જોઈએ નહીં. આ ઉપરાંત, આર્મી ચીફે યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારને સંવેદનશીલ રાષ્ટ્રીય મુદ્દાઓ પર નિર્ણયો ન લેવા જણાવ્યું હતું.સેના ઉપરાંત, ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાની બીએનપીએ પણ યુનુસ પર દબાણ વધાર્યું હતું અને ડિસેમ્બરમાં ચૂંટણી કરાવવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. પાર્ટીએ ચેતવણી આપી હતી કે જો સરકાર ટૂંક સમયમાં ચૂંટણી રોડમેપ તૈયાર નહીં કરે અને તેના વિશે જાહેર ઘોષણા નહીં કરે, તો તેમના માટે સરકાર સાથે સહયોગ ચાલુ રાખવો મુશ્કેલ બનશે.

## ન્યૂઝીલેન્ડમાં માઓરી હાકા ડાન્સ કરનાર 3 સાંસદ સસ્પેન્ડ

• વેલિંગ્ટન

ન્યૂઝીલેન્ડની સંસદે માઓરી હાકા ડાન્સ કરનારા ત્રણ સાંસદને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરાયેલા સાંસદોમાં હાના-રાવહીતી માપેઈ-ક્લાર્ક, ડેબી નાગરેવા-પેકર અને રાવહીરી વૈતીનો સમાવેશ થાય છે. હાના પર સાત દિવસ અને તેમના બંને સાથીદાર પર 21 દિવસ માટે સંસદમાંથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ન્યૂઝીલેન્ડની સંસદમાં માઓરી હાકા ડાન્સ કરનાર ત્રણ સાંસદ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ગુરુવારે મતદાન બાદ સંસદે ત્રણેય સાંસદને સસ્પેન્ડ કર્યા હતા. આ સાંસદોએ પ્રસ્તાવિત કાયદાના વિરોધમાં માઓરી હાકા ડાન્સ કર્યો હતો.સંસદમાંથી સસ્પેન્ડ કરાયેલા ત્રણ સાંસદમાં હાના-રાવહીતી માપેઈ-ક્લાર્ક, ડેબી નાગરેવા-પેકર અને રાવહીરી વૈતીનો સમાવેશ થાય છે. હાના પર સાત દિવસ અને તેમના બંને સાથીદારો પર 21 દિવસ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ત્રણેય સાંસદ માઓરી પાર્ટીના છે. અત્યારસુધી ન્યૂઝીલેન્ડની સંસદમાંથી કોઈને ફક્ત ત્રણ દિવસ માટે જ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગયા વર્ષે નવેમ્બરમાં તેમણે બિલનો વિરોધ કર્યો હતો. સંસદમાંથી સસ્પેન્ડ કરાયેલા સાંસદોએ ગયા વર્ષે નવેમ્બરમાં એક બિલનો વિરોધ કરવા માટે માઓરી હાકા ડાન્સ કર્યો હતો. આ સાંસદોએ કહ્યું હતું કે આ બિલ લાગુ કરીને માઓરી લોકોના અધિકારો ઘટાડવામાં આવી રહ્યા છે. આ વિરોધને કારણે સંસદમાં ઘણા મહિનાઓ સુધી ચર્ચા ચાલી હતી.

## પ્રતિબંધ છતાં ગ્રેટા થનબર્ગ રાહત સામગ્રી સાથે ગાઝા જવા રવાના

### ઇઝરાયલી સેના તેમની ધરપકડ કરી શકે છે

• તેલ અવીવ

સ્વીડિશ પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ જહાજ દ્વારા ગાઝાની યાત્રા પર નીકળી છે. તે ગાઝાના લોકો માટે દવા, અનાજ, બાળકો માટે દૂધ, ડાયપર અને વોટર પ્યુરિફાયર લઈ જઈ રહી છે. તેની સાથે 11 વધુ લોકો છે જે 'મેડલાઈન' નામના જહાજમાં છે. થનબર્ગ તેની ટીમ સાથે 1 જૂને ઈટાલીના સિસિલી ટાપુથી રવાના થયા હતા. જો કોઈ અવરોધ નહીં આવે, તો મેડેલીન જહાજ 2000 કિમીનું અંતર કાપશે અને 7 જૂને એટલે કે ઈદના દિવસે ગાઝા પહોંચશે. આ યાત્રાનો હેતુ માત્ર મદદ પૂરી પાડવાનો જ નથી, પરંતુ ઈઝરાયલ દ્વારા ગાઝા પર લાદવામાં આવેલા પ્રતિબંધો સામે



શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો પણ છે.આ દરમિયાન ગ્રેટા થનબર્ગની મુલાકાત અંગે ઈઝરાયલે કડક વલણ અપનાવ્યું છે. ઈઝરાયલી સેનાએ કહ્યું કે જો જરૂર પડશે તો તેઓ જરૂરી પગલાં લેશે. જોકે, ગ્રેટા અને તેના સાથીઓ આ અભિયાનને સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને માનવતાવાદી ગણાવી રહ્યા છે.જો માનવતામાં કોઈ આશા બાકી હોય, તો આપણે પેલેસ્ટાઈન માટે અવાજ ઉઠાવવો જોઈએ. હું અહીં છું કારણ કે તે મારી ફરજ છે. મેડેલીનના સ્થાનનું લાઈવ ટ્રેકિંગ કરવામાં આવી રહ્યું છે. 4 જૂને, તે સિસિલીથી 600 કિમી દૂર હતું. મંગળવારે રાત્રે, ગ્રીક કોસ્ટગાર્ડનું એક ડ્રોન ગ્રીસના દરિયાકાંઠેથી 68 કિમી દૂર તેના પર ફરતું જોવા મળ્યું.ઈઝરાયલે 2 માર્ચથી ગાઝામાં રાહત સામગ્રીના પ્રવેશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દીધો છે, જેના કારણે ત્યાંના 2.3 મિલિયન લોકોમાંથી 93% લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

**ભ્રષ્ટ તંત્રના કાન આમળ્યાં**

### ધી જહાંગીરપુરા કોટન મંડળીની ૮૪ મી વાર્ષિક સભામાં મંત્રી કૌભાંડીઓ ઉપર વરસ્યા

# વન-પર્યાવરણ રાજયમંત્રી મુકેશ પટેલ સહકારી ભ્રષ્ટાચારીઓ નેતાઓ ઉપર ફરી ભડક્યા

**વાર્ષિક સાધારણ સભામાં રજુ થયેલ એજન્ડા મુજબના તમામ કામો સર્વાનુમતે મંજુર કરાયા : વહીવટ દરમ્યાન જે પણ વ્યક્તિ મારા સભાસદ ખેડુતોના રૂપિયા ચાઉં કરશે,એ હું ક્યારે પણ ચલાવવાનો નથી**



• ઓલપાડ

દેશની આઝાદી પૂર્વે સ્થપાયેલ ઓલપાડ જીન કેમ્પસની ઘી જહાંગીરપુરા ગ્રુપ કોટન સેલ સોસાયટી ની ૮૪ મી વાર્ષિક સભામાં ઉપસ્થિત ગુજરાત સરકારના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ સહકારી ભ્રષ્ટાચારીઓ નેતાઓ ઉપર ફરી ભડક્યા હતાં અને આવા કૌભાંડીઓને ચેતી જવા ટકોર કરી હતી.આ સભામાં મંડળીના એજન્ડા મુજબના તમામ કામો સર્વાનુમતે મંજુર કરાયા હતાં.જયારે સભા પૂર્ણ થયા બાદ જીન કેમ્પસમાં વન મંત્રીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

ઘી જહાંગીરપુરા ગ્રુપ કો.ઓ.કોટન સેલ સોસાયટીની ૮૪ મી વા.સા.સભામાં મંડળીના પ્રમુખ પિયુષ પટેલે મંડળીના અહેવાલ તથા હિસાબનું વાંચન કરતાં જણાવ્યું હતું કે,૨૦૮૩ સભાસદ સંખ્યા ધરાવતી આ મંડળીનું શેર કેપીટલ રૂ.૪.૩૪ લાખ,રીઝર્વ ફંડ રૂ.૬.૮૭ લાખ તથા બીજા ફંડો રૂ.૩ ૦૭ કરોડ છે.તેમણે વધુ કહ્યું કે,મંડળીએ હેવાલના વર્ષમાં ડાંગર,કપાસ તથા શેરડી પર કુલ રૂ. ૧.૦૫ કરોડનું ધિરાણ કરી રૂ.૬૬,૧૧૨ બચત લોન આપેલ છે.જે ધિરાણની સામે ચોમાસુ ડાંગરનું રૂ.૧૨,૧૫૦ તથા ઉનાળું ડાંગરનું રૂ.૮૯,૨૦૨ રકમ મુદતવીતી બાકી છે. જે બાકી રકમ સભાસદો પાસેથી વસુલાતની કામગીરી ચાલુ છે.તેમણે કહ્યું કે,ઓલપાડ સેન્ટર ઉપર ૨,૬૭,૭૫૬ ગુણી તથા જહાંગીરપુરા સેન્ટર ઉપર ૧,૨૭,૫૧૫ ડાંગર ગુણીની આવક થઈ હતી.

ઓલપાડ જીન કેમ્પસની ૧૦૪ વર્ષ જુની ઘી સોંસક કોટન મંડળીના પ્રમુખ સુમુલ ડિરેક્ટર જયેશ પટેલ (દેલાડ)છે.આ મંડળી માં ૭૦૦ થી વધુ ગુણ રાસાયણિક ખાતરની ગુણ ઉચાપતથી મંડળીમાં રૂ.૫૮.૪૦ લાખના કૌભાંડ મામલે જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) દ્વારા મંડળીના પ્રમુખ સહિત આખી બોર્ડને બરખાસ્ત કરી છે. આજે શુક્રવાર,તા.૦૬ ના રોજ જહાંગીરપુરા કોટન મંડળીની વા. સા.સભામાં ઉપસ્થિત વનમંત્રી મુકેશ પટેલે ભ્રષ્ટાચારી સહકારી નેતાઓ ઉપર પ્રહાર કરી ગરજતા કહ્યું કે, મેં અગાઉ તમામ સહકારી મંડળીઓના દરેક નેતાઓને કહ્યું હતું કે,તમારા વહીવટ દરમ્યાન જે પણ વ્યક્તિ મારા સભાસદ ખેડુતોના રૂપિયા ચાઉં કરશે,એ હું ક્યારે પણ ચલાવવાનો નથી.જે ખેડૂતની ગામમાં એક પણ વીંઘું જમીન નથી એવા લોકો ૫૦ ગુણ રાસાયણિક ખાતર લઈ જાય એ જોવાની જવાબદારી મંડળીના તમામ ડિરેક્ટરોની છે. ઘણા લોકો મને ગાળો આપી કહી રહ્યા છે કે, મંત્રી મુકેશભાઈ પટેલ સહકારી મંડળીઓમાં પણ માથા મારે છે. પરંતુ મારે એમને કહેવું છે કે,મારે તો કોઈ સહકારી મંડળીમાં જવું નથી.મને ભગવાને ઘણું બધું આપ્યું છે.હું ફક્ત લોકોની સેવા કરવા માટે જ આવ્યો છું. જેથી હું ચમરબંધી કૌભાંડીઓને ક્યારેય છોડવાનો નથી.ભલે તેમણે એક રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોય કે પછી પાંચ લાખનો. મને જેટલી ગાળો આપવી હોય એટલી આપજો.તેમણે વધુ કહ્યું કે,બિચારો ખેડુત રાત-દિવસ મહેનત કરે અને મંડળીના ડિરેક્ટરો કે કર્મચારી ઓ પૈસા ખાઈ જાય એ નહીં ચલાવી લેવાય.તેમણે પશુપાલન કરતી બહેનોને વ્હારે આવી વધુ કહ્યું કે,મારી બહેનો સવારે ૪ વાગ્યે ઉઠીને પશુઓ માટે ઘાસચારો લાવે, મંડળીમાં દૂધ ભરે. એમાં પણ આ લોકો કાળા હાથ કરી રહ્યા છે.

### આગ લાગતા ના સમાચાર મળતાજ ફાયર ટીમ ઘટના સ્થળે દોડી આવી

# પ્રાંતિજ સિવિલ મા આગ લાગી આગ લાગતા નાસભાગ આગ મોકડ્રીલ

**હાશકારો** | દોડધામ મચી જતા હોસ્પિટલ મા રહેલ લોકોના જીવ તોરણે બંધાયા

• ઉમંગ રાવલ સાબરકાંઠા.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સિવિલ ખાતે આગ લાગવા ની ઘટના ને લઈ મોકડ્રીલ યોજાયુ જેમા આગ લાગવાના સમાચાર મળતા પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળ ઉપર દોડી આવી હતી અને બચાવ ની કામગીરી હાથ ધરી હતી પ્રાંતિજ સિવિલ ખાતે સવારના સમયે આગ લાગી હોવાનુ સિવિલ હોસ્પિટલ ના ડાં હર્ષ પટેલ દ્વારા પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ ને જાણ કરતા પ્રાંતિજ ફાયર બ્રિગેડ મુકેલભાઈ પરમાર,ગોપાલભાઈ પટેલ , અનીલભાઈ સહિત ની ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી તો દોડી આવેલ ટીમ દ્વારા પહેલા આગ લાગેલ રૂમ મા પાણી નો મારો ચાલુ કરી આગ મા ફસાયેલ દર્દીઓને બહાર કાઢવામા આવ્યા હતા અને તેવોને પ્રાથમિક સારવાર માટે



હોસ્પિટલ માજ તાત્કાલિક સારવાર વિભાગ મા જ ખસેડાયા હતા તો આગ મા સપડાયેલા બે બન્ને દર્દીઓને બચાવી લેવામા આવ્યા હતા અને તેવો ને સિવિલ માજ તાત્કાલિક વિભાગ મા સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો આગ ના સમાચાર મળતા લોકો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને મોકડ્રીલ હોવાનુ માલુમ થતા હાશકારો અનુભવ્યો હતો તો ડાં. હર્ષ પટેલ , ડાં.ફાલ્ગુની ચાવડા , ડાં. રાઠોડ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા

# પાલનપુર ખાતે બાગાયત વિભાગ દ્વારા 100 મહિલાઓને કિચન ગાર્ડનની તાલીમ અપાઈ

### મહિલાઓને શાકભાજી કીટો તથા પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા



• લક્ષ્મણ ઠાકોર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર સ્થિત તિરુપતિ રાજનગર સોસાયટીમાં બાગાયત વિભાગ દ્વારા અર્બન હોર્ટિકલ્ચર કાર્યક્રમ અંતર્ગત 100 મહિલાઓ માટે એક દિવસીય કિચન ગાર્ડન તાલીમનું આયોજન કરાયું હતું.આ તાલીમ શિબિરનો ઉદ્દેશ મહિલાઓને ઘરઆંગણે શાકભાજી અને ફળોના ઉત્પાદન, કુદરતી ખાતરની તૈયારીઓ, અને કચરાના પુનઃઉપયોગ પદ્ધતિઓ અંગે જાગૃત કરવા અને તેમને સરકારની બાગાયત વિભાગની યોજનાઓ અંતર્ગત ઉપયોગી માહિતી આપવાનો હતો.આ પ્રસંગે બાગાયત વિભાગના નાયબ નિયામકશ્ર જે.બી. સુથાર, મદદનીશ બાગાયત નિયામક મતી અનન્યાબેન જોષી, તેમજ બાગાયત અધિકારીઓ વેલજીભાઈ દેસાઈ, વિરેન્દ્રભાઈ જોષી, શ્રીમતી રમીલાબેન ચૌધરી અને મતી મકસૂદાબેન મીર હાજર રહ્યા હતા. તિરુપતિ રાજનગર સોસાયટીના પ્રમુખ મનોજભાઈ ઉપાધ્યાય, મંત્રીશ્રી યશવંતસિંહ વાઘેલા, તેમજ કારોબારી સભ્ય શ્રેયશભાઈ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જે.બી. સુથાર દ્વારા બાગાયતી પાકો અને યોજનાઓ અંગે મહિલાઓને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિરેન્દ્રભાઈ જોષીએ કિચન ગાર્ડન અને કેનિંગના ઉપાયો, તથા વેલજીભાઈ દેસાઈએ પ્રાકૃતિક ખેતી અંગે ઉપસ્થિતોને માહિતી આપી હતી. તાલીમ પેટે મહિલાઓને શાકભાજી કીટો તથા પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહિલાઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે માર્ગદર્શિત કરાયા હતા.

# આટકોટમાં મહિલાના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપ કરનાર બેલડી એલસીબીના સકંજામાં

• સુરેશ ભાલીયા જેતપુર

આટકોટ ગોંડલ ચોકડી પાસે ફરીયાદી નાઓ તેના પત્નિ સાથે આટકોટથી વીરનગર જતા હોય ત્યારે એક મોટર સાયકલ બે સવારીમાં માં આવી ફરીયાદીના પત્નિના ગળામાં પહેરેલ સોનાનાના ચેઈનની ચીલ ઝડપ કરી નાશી ગયેલ હોય વીગેરે મતલબેની આટકોટ પોલીસ સ્ટેશનમાં કલમ ૩૦૪(૨),૫૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. આ ગુન્હો વણશોધાયેલ હોય રાજકોટ જીલ્લામાં બનતા વણ શોધાયેલ ગુન્હાઓ તેમજ જીલ્લામાં બનતા મિલ્કત સંબધી ગુન્હાઓ શોધી કાઢી આરોપીઓને પકડી પાડવા જરૂરી ટીમ બનાવી ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય મળેલ સુચના મુજબ એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સપેકટર વી.વી.ઓડેદરા તથા પો.સબ.ઈન્સ. એચ.સી. ગોહિલનાઓ તથા તાબાના એલ.સી.બી. રાજકોટ ગ્રામ્ય સ્ટાફ વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ આરોપીને પકડીપાડવા માટે પ્રયત્નો શીલ હોય દરમ્યાન હયુમન શોર્સીસ તથા ટેકનીકલ મળેલ બાતમી આધારે ઉપરોકત ગુન્હાના બન્ને આરોપીઓને ગુન્હામાં વાપરેલ વાહન



તથા રોકડ રકમ તથા અન્ય મુદામાલ મળી કુલ રૂપિયા ૨,૭૬,૬૦૦ના મુદામાલ સાથે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આરોપી વૃશાત ઉર્ફે શ્યામ વિજય ધનેશા તથા નિસિત હિતેષ ચોકસી રહે બંને રાજકોટને પકડી આરોપીઓની પુછપરછ કરતા બન્ને. આરોપીઓ અવાર નવાર ચીલ ઝડપના ગુન્હાઓમાં પકડાયેલ હોય અને ગુન્હો કરી નાશી જઇ સોનાના દાગીના વેચી નાખી પોતાના મોજ શોખ પુરા કરતા હોવાની કબુલાત આપેલ હોય જેથી બન્ને ઈસમોને પકડી આગળની કાર્યવાહી કરવા સારૂ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.

# સીમરીયા થી મોતીપુરા વચ્ચે વૃક્ષ ધરાશાયી થતાં ટ્રાફિક જામ



• ડભોઈ

ડભોઈ તાલુકાના સીમરીયા થી મોતીપુરા વચ્ચ અચાનક જ મોટું વૃક્ષ રોડ વચ્ચે પડતા ટ્રાફિક જામ થઈ ગયો હતો જેના કારણે અડધો કલાક રસ્તો બંધ થઈ ગયો તો વન વિભાગ આવી ઝાડને હટાવવાની કામગીરી કરવામાં આવી હતી ત્યારબાદ રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો અચાનક વૃક્ષ કોઈ જાનહાની થવા પામી નથી ડભોઈ થી બોડેલી ધમધમતો માર્ગ હોય છતાં પણ કોઈ જાનહાની થવા પામી નથી હાલ ચોમાસુ નજીક આવી રહ્યું છે જેટલા પણ નમી ગયેલા ઝાડ વૃક્ષો હોય જો વન વિભાગ દ્વારા તેનું સર્વે કરી અને તેને કાપી નાખવામાં આવે તો કોઈ મોટી જાનહાની થવા પામે નહીં

### જાતિના દાખલા માં સહી સિક્કા કરાવવા અરજદારો પરેશાન

# વડગામ ગ્રામ પંચાયતના ઈનચાર્જ તલાટીના મનમાની થી ગ્રામજનો પરેશાન

• દિપક પુરબિયા વડગામ

વડગામ ગ્રામ પંચાયતના ઈનચાર્જ તલાટીના મનમાંથી થી ગ્રામજનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે હાલમાં વિધાર્થી ને વિવિધ પ્રકારના જાતિના દાખલા માં સહી સિક્કા કરાવવા અરજદારો ફોર્મ માંથી સહી સિક્કા કર્યા વગર વિલા મોઢે પાસા ફરવાનો વારો આવ્યો છે. જેને લઈ તલાટી સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. વડગામ ગામના પટેલ સુરેશકુમાર અભેરજ ભાઈ તા. ૪/૬/૨૦૨૫ ના રોજ મોબાઈલ માં મેસેજ આવ્યો હતો કે જાતી નો દાખલો તા. ૯/૬/૨૦૨૫ સુધી માં રજુ કરવા નો છે.જેને લઇ તેઓ ૧૦ કલાકે વડગામ ગ્રામ પંચાયત માં જાતી ના દાખલા ના ફોર્મ ઉપર તલાટીના સહી-સિક્કા કરાવા ગયા હતા. પણ ઈ.તલાટી આરતીબેન રાણા હાજર નોહતા. અને જ્યારે ફરીથી જાતિના દાખલા નું ફોર્મ રજૂ



કર્યું હતું પણ તેમણે સહી સિકકા કરી આપ્યો નહોતા. અને કહ્યું કે વડગામ ની વેરા વસુલાત બાકી હોઈ પહેલા વેરો ભરો પડશે. ત્યારે મે કહ્યું કે મારા એકલા નો વેરો બાકી નથી. આખા ગામ ના વેરા બાકી છે. પરંતુ તલાટી માન્યા જ નહી. અને મને ફોર્મ માં સહી સિક્કા કરી આપ્યા નહોતા. અને કહ્યું કે તમારે તાલુકા માં કે ગાંધીનગર વિકાસ કમીરનર પાસે જવું હોઈ તો પણ તમો જઈ શકો છો હું વેરો લીધા વગર તમોને સહી સિક્કા કરી આપીશું નહી. અને અમોને ફોર્મ માં સહી સિકકા કરી આપેલ નહી. જેથી અમો આ બાબતે હું ટીડીઓ જોડે ગયો હતો. પરંતુ તેઓ મગરવાડા પોગ્રામ માં હોઈ વિસ્તરણ અધિકારી એ તલાટીને ફોન કરવા છતાં તેઓનું પણ માન્યા નહી. આ રીતે વડગામ ગ્રામ પંચાયત માં ઈ.તલાટી આરતીબેન રાણા ને પુન: ફોન કરી બાળક નુ ભવિષ્ય નુ કામ હોઈ તમો સહી-સિકકા કરી આપો તો પણ અમોને સહી-સિકકા કરી આપેલ નહી. અને કહ્યું ટીડીઓ કે પાલનપુર ડીડીઓ કે ત્યાંથી આગળ ગાંધીનગર જશો તો પણ કોઈ અધિકારી મારું કશું બગાડી શકે તેમ નથી. કે મારી વાવ, સુઈગામ, કે જીલ્લા બહાર મારી બદલી પણ કરી શકે તેમ નથી. કારણ કે મારે ગાંધીનગર માં ઉચ્ચ ઓળખાણો છે. આવુ અમોને મૌખીક જણાવેલ છે. જેથી અમો અરજદાર ની માંગ છે આવા મનમાની ચલાવતા તલાટી સામે શિક્ષાત્મક પગલા ભરવા અને કાયદે સરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# સરદારપુરા ગ્રામપંચાયતમાં સરપંચ માટે ભારે રસાકસી

### સરદારપુરા ગામ આજદિન સુધી સિસરાણા ગૃપ ગ્રામપંચાયતમાં આવતું હતું.

• દિપક પુરબિયા વડગામ

વડગામ તાલુકાના સરદારપુરા ગામમાં ગ્રામ પંચાયત તથા વોર્ડના સભ્યોની ચુંટણી ને લઈને ગામમાં ભારે રાજકીય માહોલ ગરમાયો છે. સરદારપુરા ગ્રામજનોને આઝાદી ના દાયકાઓ બાદ સિસરાણા ગૃપ ગ્રામપંચાયત માં થી વિભાજીત કરીને અલગ ગ્રામ પંચાયતનો દરજ્જો આપવામાં આવ્યો છે.ગ્રામ પંચાયત ની પ્રથમ ચુંટણીમાં જ ગામલોકો દ્વારા પંચાયત ને સમરસ બનાવી શકે તેવી સ્થિતિ નથી વહીવટી તંત્ર દ્વારા પણ વિભાજીત બનેલી ગ્રામ પંચાયત સમરસ બને તેવા કોઈ જ પ્રયાસ ન કરાતાં ગામમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માં વેરભાવ લોકોમાં ઉભા થશે તેવી વકી ગ્રામજનોમાં ઉભી થવા પામી છે. સરદારપુરા ગામ પંચાયત ની પ્રથમ ચુંટણીમાં ગ્રજ ગ્રહ થતાં ગામમાં સમરસ પંચાયત બનવાની જગ્યાએ ચુંટણી ની નોબત આવી પડી હોવાનું ગામના કેટલાક બુધ્ધિજીવી લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે. ગૃપ ગ્રામપંચાયતમાં થી અલગ બનેલી હમીરપુરા ગ્રામ પંચાયતમા ગામલોકો ના પ્રયાસ થકી સમરસ બને તેવી ચર્ચા વિભાજીત જોઇતા ગ્રામ પંચાયતમાં સરપંચ થી લઈને પંચાયત વોર્ડ ના તમામ સભ્યો મહિલા સાથે પંચાયત નું સુકાન મહિલાઓને સોંપવામાં આવ્યું છે.હજુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૯ જુન છે.ફોર્મ ભર્યા ની છેલ્લી તારીખ બાદ જ તંત્ર દ્વારા સત્તાવાર રીતે સમરસ ગ્રામ પંચાયત જાહેર થશે.

**ન્યૂઝ ફોકસ** હિંમતનગર સિવિલ હોસ્પિટલના RMO ડૉ. ના જણાવ્યા અનુસાર, કોરોનાને લઈને હોસ્પિટલમાં સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. હોસ્પિટલમાં 50 બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત કોવિડ ઓપીડી પણ શરૂ કરાઇ છે

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં કોરોનાના નવા 2 કેસ

### મેડિકલ કોલેજના રેસિડેન્ટ ડોક્ટર અને અન્ય એક યુવાન પોઝિટિવ, બંને હોમ આઈસોલેશનમાં

• ઉમંગ રાવલ સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના બે નવા પોઝિટિવ કેસ નોંધાયા છે.સિવિલ હોસ્પિટલમાં લેવાયેલા ચાર દર્દીઓના સેમ્પલ પૈકી બે દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.પોઝિટિવ આવેલા બંને દર્દીઓમાં એક 22 વર્ષીય રેસિડેન્ટ ડોક્ટર છે, જે હિંમતનગર મેડિકલ કોલેજના સર્જરી વિભાગમાં ફરજ બજાવે છે.બીજો દર્દી હિંમતનગરના મહાવીરનગર વિસ્તારનો 26 વર્ષીય યુવક છે.બંને દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલના RMO ડૉ.ના જણાવ્યા અનુસાર, કોરોનાને લઈને હોસ્પિટલમાં સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. હોસ્પિટલમાં 50 બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.આ ઉપરાંત કોવિડ ઓપીડી પણ શરૂ કરવામાં આવી છે. બે દિવસ પહેલા લેવાયેલા ચાર સેમ્પલ પૈકી બે પોઝિટિવ આવ્યા છે



# કઠાણા પાસે નંબર વગરની કારમાંથી 2.58 લાખનો વિદેશી દારૂ ઝડપાયો



• અમદાવાદ

અમદાવાદ-ઈન્દોર એક્સપ્રેસ હાઈવે પર કઠાણા કટ પાસે કઠલાલ પોલીસે નંબર પ્લેટ વગરની કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. 5 લાખની કારમાંથી રૂ. 2.58 લાખનો વિદેશી દારૂ મળી કુલ રૂ. 7.63 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે બાલાસિનોર તરફથી અમદાવાદ ઈન્દોર હાઈવે પર એક નંબર વગરની કારમાં વિદેશી દારૂની ખેપ થઈ રહી છે. આ આધારે કઠલાલ પોલીસ ટીમે કઠાણા કટ પાસે વોચ ગોઠવી હતી. થોડી વારમાં કારના પસાર થતાં તેને રોકવામાં આવી હતી. કારની તલાશી દરમ્યાન મોટા પ્રમાણમાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કાર ચલાવનાર વ્યક્તિ વિજયપાલ દેવીલાલ મીણાને ઝડપી પાડ્યો છે, જે ડુંગરપુર જિલ્લાના બોરી અમલીયા ફળીયાના રહેવાસી છે. પોલીસે વિજયપાલ સામે વિદેશી દારૂના કાયદા હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**આસ્થા** મહોત્સવના અંતિમ દિવસે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, ધારાસભ્ય શૈલેશ મહેતા સહિતના મહાનુભાવોએ તેમજ હજારો ભાવિકોએ પુર્ણાહુતિ પૂજન-મહાઆરતી માં જોડાઇ ધન્યતા અનુભવી

# ચાંદોદના નર્મદા કિનારે ઉજવાતા ગંગા દશાહરા મહોત્સવની પૂર્ણાહુતિ

## ચાંદોદ ખાતે ઉજવાતા ગંગા દસાહરા મહોત્સવના દસ દિવસ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ ધાર્મિક લાભ લેવા ઉમટયા હતા

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના તીર્થક્ષેત્ર ચાંદોદના નર્મદા કિનારે ઉજવાતા ગંગા દશાહરા મહોત્સવની ગુરુવારે ભક્તિભાવપૂર્વક પૂર્ણહૂતી થઈ ડભોઈ તાલુકાના તીર્થક્ષેત્ર ચાંદોદ ખાતે આજે દસ દિવસીય ગંગા દશાહરા મહોત્સવની ભક્તિ સભર પૂર્ણાહુતિ થઈ મહોત્સવના અંતિમ દિવસે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, ધારાસભ્ય શૈલેશ મહેતા સહિતના મહાનુભાવોએ તેમજ હજારો ભાવિકોએ પુર્ણાહુતિ પૂજન-મહાઆરતી માં જોડાઈ ધન્યતા અનુભવી પ્રથમ વાર ચાંદોદ ના નર્મદા કિનારે આ મહોત્સવમાં ધાર્મિક લાભ લેવા પધારેલા રાજ્ય શિક્ષણ મંત્રી સમગ્ર કાર્યક્રમમાં જોડાઈ ધાર્મિક લાભ મેળવી અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી ચાંદોદ ખાતે ઉજવાતા ગંગા દસાહરા મહોત્સવના દસ દિવસ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ ધાર્મિક લાભ લેવા ઉમટયા હતા







"NO DRUGS IN BHARUCH CAMPAIGN" અંતર્ગત

# ભરૂચ એસ.ઓ.જી પોલીસે ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યાં

**યુવાધન બર્બાદ કરતું ડ્રગ્ઝ** સોનાના દાગીના ૨૯.૬ તોલા તથા ચાંદીના દાગીના ૧૬.૬૭૦ ગ્રામ તપાસ દરમ્યાન મળી આવેલ હતા

**દાગીના નાર્કોટીકસના ધંધામાંથી કમાયેલ હોવાનું પ્રાથમિક પુછપરછમાં જણાઈ આવ્યું હોવાનું સૂત્રો દ્વારા માહિતી મળી છે**

• કેતન મહેતા, ભરૂચ

પો.ઈન્સ.એ.એ.ચૌધરીનાઓના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. સ્ટાફની ટીમો બનાવી જરૂરી કાર્યવાહી હાથ ધરેલ. એસ.ઓ.જી. ટીમ દ્વારા ભરૂચ જીલ્લામાં અસરકારક પેટ્રોલીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ. તે સમય દરમિયાન પો.ઈન્સ. એ.એ.ચૌધરીનાઓને મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમ દ્વારા રેઈડ કરતા આરોપી (૧) સુમન W/O સુભાષ શિવ ચંદ્ર યાદવ અને (૨) સંજુદેવી W/O કુંદન મદન રાયનાઓએ પોતાના કબજા ભોગવટાના મકાનમાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો ૨.૨૨૧ કિ.ગ્રા. નો જથ્થો મળી આવેલ હતો, જે પોતાના આર્થિક લાભ માટે પ્રતિબંધિત કેફી પદાર્થના પૈસા કમાવવાના ઈરાદે અન્ય વોન્ટેડ આરોપી (૧) સુભાષ શીવચંદ્ર યાદવ અને (૨) કુંદન મદન રાયને વેચાણ કરવા માટે રાખી મુદ્દામાલ સાથે મળી આવેલ, તેમજ તેની સાથે મુકેલા રોકડા રૂ. ૨૬,૧૭,૫૦૦/- તથા સોનાના દાગીના ૨૯.૬ તોલા તથા ચાંદીના દાગીના ૧૬.૬૭૦ ગ્રામ તપાસ દરમ્યાન મળી આવેલ હતા, જે અંગેના કોઈ સંતોષકારક આધાર/પુરાવા રજુ કરેલ ન હોય તેમજ આ પૈસા તથા દાગીના નાર્કોટીકસના ધંધામાંથી કમાયેલ હોવાનું પ્રાથમિક પુછપરછમાં જણાઈ આવતા આરોપી (૧) સુમન W/O સુભાષ શિવ ચંદ્ર યાદવ અને (૨) સંજુદેવી W/O કુંદન મદન રાયનાઓ વિરૂધ્ધ અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશને નોંધાયેલ NDPS એકટ મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.



# અંકલેશ્વર આમલાખાડી બ્રિજ પાસેથી 39 હજાર કિલો હેઝાર્ડસ વેસ્ટની હેરફેર ઝડપાઈ



**6 આરોપીઓને ઝડપી પાડતી અંકલેશ્વર શહેર "બી" ડિવિઝન પોલીસ**

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર શહેર "બી" ડિવિઝન પોલીસે આમલાખાડી બ્રિજ પાસેથી હેઝાર્ડસ વેસ્ટની ગેરકાયદેસર હેરફેર કરતી એક ટ્રક પકડી પાડી છે. પોલીસને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

પી.એસ.આઈ.એ.બી.સોલંકી અને તેમની ટીમને માહિતી મળી હતી કે, અંકલેશ્વર જીઆઈડીસીની નાંદોસલ ઈન્ડસ્ટ્રીઝમાંથી માટી જેવો કાળા રંગનો હેઝાર્ડસ વેસ્ટ ટ્રકમાં ભરવામાં આવ્યો છે. આ વેસ્ટ માંગરોળ તાલુકાના નાના બોરાસરા ગામની શુભમ ફર્ટિલાઈઝર કંપનીમાં ખાલી કરવાનો હતો.

પોલીસે ટ્રકમાંથી 39,720 કિલો હેઝાર્ડસ વેસ્ટનો જથ્થો જપ્ત કર્યો છે. ટ્રક સહિત કુલ 7 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ટ્રક ચાલક સુનિલ ખુમાન વસાવાની પૂછપરછમાં જાણવા મળ્યું કે આ વેસ્ટ નાંદોસલ ઈન્ડસ્ટ્રીઝના મેનેજર સોહેલ નાંદોલિયાએ યાસીન ઉસ્માન દિવાન મારફતે ભરાવ્યો હતો.

પોલીસે ટ્રકના માલિક ભરત ભરવાડ, યાસીન ઉસ્માન, કંપનીના મેનેજર સોહેલ નાંદોલિયા, કંપનીના માલિક ઈશાક સુલેમાન નાંદોલિયા અને શુભમ ફર્ટિલાઈઝર કંપનીના વહીવટકર્તા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચ જિલ્લામાં બકરી ઈદનાં તહેવારની ઉજવણી સંદર્ભે જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું

• કેતન મહેતા, ભરૂચ

બકરી ઈદના તહેવારની ઉજવણી નિમિત્તે કતલખાનાની બહાર કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળે જુદા-જુદા પશુઓની કતલને કારણે તેમજ જાહેર શેરીઓમાં કે સ્થળ ઉપર દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ પગલા લેવા માટે પુરતું કારણ છે તેમજ તાત્કાલિક ધોરણે સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવાનું ઈચ્છનીય છે.

ભરૂચ જિલ્લા સમાહર્તા ગૌરાંગ મકવાણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ, (૧) ભરૂચ જિલ્લાની હદની અંદર કોઈપણ વ્યક્તિએ કતલખાનાનાં મકાનની બહાર કોઈ પણ જાહેર સ્થળે જુદા-જુદા પશુઓની કતલ કરવી નહીં તેમજ ભરૂચ જિલ્લાની હદમાં કોઈ પણ જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલ કરવી નહીં. (૨) કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહીં. (૩) બકરી ઈદ તહેવાર નિમિત્તે કુરબાની પછી જાનવરનાં માંસ, હાંડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહી.

ધી બોમ્બે એનિમલ પ્રિઝર્વેશન એકટ, ૧૯૫૪ તથા પ્રિવેન્શન ઓફ ક્રૂઅલ્ટી ટુ એનિમલ એકટ-૧૯૬૦ થી જે પશુઓની કતલ પર પ્રતિબંધ મુકેલ છે, તે પશુઓની કતલ ખાનગી કે જાહેર સ્થળોએ થઈ શકશે નહિ.આ જાહેરનામું તા.૦૭/૦૬/૨૦૨૫ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. અને આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારી/અધિકારીને અધિકૃત કરવામાં આવે છે. તેમ ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ દ્વારા મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

ભરૂચ શિક્ષણ વિભાગની શાળાઓને સૂચના

# સ્ટેશનરી ખરીદી માટે ચોક્કસ દુકાનનું દબાણ કરનાર શાળાઓ સામે પગલાં લેવાશે

• કેતન મહેતા, ભરૂચ

ભરૂચ જિલ્લામાં કેટલીક ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાનોમાંથી શૈક્ષણિક સામગ્રી ખરીદવા દબાણ કરી રહી છે. આ મુદ્દે જાગૃત નાગરિક યોગી પટેલે જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી હતી.ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીએ RTE અધિનિયમ 2009નો હવાલો આપ્યો છે. રાજ્ય સરકારના 2014ના ઠરાવ મુજબ શાળાઓ પોતાના લોગોવાળી નોટબુક કે ચોક્કસ દુકાનમાંથી સામગ્રી ખરીદવાનું દબાણ કરી શકતી નથી. ગ્રાન્ટ ઈન એઈડ કોડ 1964ની કલમ 17 પણ આવું દબાણ પ્રતિબંધિત કરે છે.શિક્ષણ વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કોઈ શાળા આવી પ્રવૃત્તિઓમાં સામેલ મળશે તો RTE અધિનિયમ હેઠળ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. શિક્ષણ વિભાગે વાલીઓને આવા કિસ્સાઓની જાણ તુરંત ભરૂચ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીને કરવા અપીલ કરી છે. જેથી યોગ્ય તપાસ અને કાર્યવાહી થઈ શકે.



ભરૂચમાં સરસ મેળાનો પ્રારંભ

# 50 સખી મંડળની બહેનોની હસ્તકલા પ્રદર્શિત, 15 જૂન સુધી ચાલશે

• કેતન મહેતા, ભરૂચ

ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડમાં ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા પ્રાદેશિક સરસ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે અને પ્રાયોજનના વહીવટદારે રિબિન કાપીને મેળાનો શુભારંભ કર્યો હતો.

આ મેળામાં ગુજરાત રાજ્યના 50 સખી મંડળની બહેનો પોતાની હસ્તકલાની વસ્તુઓનું વેચાણ કરી રહી છે. આ મહિલાઓએ ઉન વર્ક, ઈમિટેશન વર્ક, આયુર્વેદિક વસ્તુઓ, ઓક્સીડાઈઝ્ડ જ્વેલરી બોક્સ અને લાકડાના રમકડાં બનાવ્યા છે.

ભરૂચ જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાએ સ્ટોલોની મુલાકાત લીધી હતી અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સખી મંડળની બહેનો સાથે વાતચીત કરી હતી. મહિલાઓને પ્રોત્સાહન આપવા તેમણે ચીજવસ્તુઓની ખરીદી પણ કરી હતી.



આ મેળામાં 50 ક્રાફ્ટ સ્ટોલની સાથે લાઈવ ફૂડ સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યા છે. આ મેળો 15મી જૂન સુધી ચાલશે. ભરૂચ જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાએ ભરૂચની જનતાને આ મેળાની મુલાકાત લેવા અપીલ કરી છે. તેમણે ગ્રામીણ મહિલાઓને પ્રોત્સાહન આપવા ખરીદી કરવા અનુરોધ કર્યો છે. આ સખી મંડળો થકી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'મહિલા સ્વાવલંબન'ના લક્ષ્યને સાકાર થતું જોવા મળી રહ્યું છે.

# અંકલેશ્વરના અંદાડા ગામમાં રહેતા ગરીબ પરિવારને રૂ.6000નું વીજ બીલ



• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વરના અંદાડા ગામમાં રહેતા એક સામાન્ય પરિવારને દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL) તરફથી 6000 રૂપિયાનું વીજ બિલ મળ્યું હતું. મજૂરી અને સામાન્ય નોકરી કરીને ગુજરાન ચલાવતા આ પરિવાર માટે આ બિલની રકમ આશ્ચર્યજનક હતી.

જેથી પરિવારના સભ્યોએ DGVCLની કચેરીમાં જઈને અધિકારીઓને રજૂઆત કરતા તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, છેલ્લા પાંચ બિલથી મીટરમાં ટેકનિકલ ખામી હતી. આ ખામીને કારણે સરેરાશ બિલ જનરેટ થતું હતું.

DGVCLના અધિકારીઓએ ભૂલ સ્વીકારી અને વાસ્તવિક વપરાશના આધારે બિલની રકમ 6000થી ઘટાડીને 680 રૂપિયા કરી છે. આ ઘટના વીજ કંપનીની કાર્યપ્રણાલી અને મીટર મોનિટરિંગમાં રહેલી ખામીઓ તરફ ધ્યાન દોરે છે.

**ન્યૂઝ ફોકસ** વર્ણી સંસ્થાન વિકાસ સભાએ વર્ણી સંદેશ મેગેઝિનનું વિમોચન કર્યું હતું જેમાં પ્રથમ અંક વર્ણી પ્રભાવના વિશેષાંક પ્રકાશિત થયો હતો, જેમાં વર્ણી જી દ્વારા કરવામાં આવેલા કાર્યોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા

# વિદિશામાં શિલ્પ પર રાષ્ટ્રીય વિદ્વતાપૂર્ણ પરિષદનું સમાપન

## છેલ્લા દિવસે શાસ્ત્રી પરિષદનું એક ખુલ્લું સત્ર યોજાયું હતું જેમાં તમામ વિદ્વાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને અનેક વિષયો પર ચર્ચાઓ થઈ હતી

• પાક્કો ગુજરાત

શિલ્પ પર રાષ્ટ્રીય વિદ્વતાપૂર્ણ પરિષદનું સમાપન વિદિશા જિલ્લાનું પથરી સૈયદપુર કલાનું કેન્દ્ર બનશે વર્ણી સંદેશનો પ્રથમ અંક પ્રકાશિત વિદિશા/- સૌથી આદરણીય રાષ્ટ્રીય સંત આચાર્ય શ્રી વિદ્યાસાગર જી મહારાજના સૌથી પ્રભાકર શિષ્ય મુનિ શ્રી દુર્લભ સાગર જી મહારાજની શુભ ઉપસ્થિતિમાં, સુકૃતિ કલા કેન્દ્ર અને અખિલ ભારતીય શાસ્ત્રી પરિષદના નેજા હેઠળ વિદિશા જિલ્લાના પથરી સૈયદપુર ખાતે જૈન શિલ્પ, વાસ્તુ વિજ્ઞાન પર ત્રણ દિવસીય રાષ્ટ્રીય સેમિનાર અને કાર્યશાળાનું સમાપન થયું. ત્રણ દિવસીય કાર્યક્રમના પ્રથમ દિવસે, મુનિ શ્રી દુર્લભ સાગર જીની શુભ ઉપસ્થિતિમાં ચિત્રવર્તન (ચિત્રો દોરવા) અને દીવા પ્રગટાવવાથી કાર્યક્રમની શરૂઆત થઈ, જેમાં ઉપસ્થિત વિદ્વાનો દ્વારા સૌપ્રથમ મંગલાચરણ કરવામાં આવ્યું. મુનિ શ્રીના પગ ધોયા અને શાસ્ત્રોનું પ્રસ્તુતિ કર્યા પછી, પ્રથમ સત્ર શરૂ થયું જેમાં શાસ્ત્રી પરિષદના ઉપાધ્યક્ષ પંડિત વિનોદ કુમાર જૈન, મહાસચિવ બ્ર.એ જૈન શિલ્પ, વાસ્તુ વિજ્ઞાન, વિધિ વિધાન, સ્વર જ્ઞાન વિષય પર વાત કરી. જયકુમાર નિશાંત, પંડિત મહેશ જૈન દિમાપુર, વાસ્તુ વિજ્ઞાન ડૉ. રાજેન્દ્ર જૈન ઈન્દોર, પ્રતિષ્ઠાચાર્ય મુકેશ જૈન વિનમ્ર ગુરુગ્રામ, ડૉ. નરેન્દ્ર જૈન ગાઝિયાબાદ બ્રહ્મચારી સંદીપ ભૈયા સરલે આ વિષયો પર હૃદયસ્પર્શી માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન સંદીપ જૈન ઈન્દોર આકાશવાણી દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લા દિવસે શાસ્ત્રી પરિષદનું એક ખુલ્લું સત્ર યોજાયું હતું જેમાં તમામ વિદ્વાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને અનેક વિષયો પર ચર્ચાઓ થઈ હતી. વર્ણી સંસ્થાન વિકાસ સભાએ વર્ણી સંદેશ મેગેઝિનનું વિમોચન કર્યું હતું જેમાં પ્રથમ અંક વર્ણી પ્રભાવના વિશેષાંક પ્રકાશિત થયો હતો, જેમાં વર્ણી જી દ્વારા કરવામાં આવેલા કાર્યોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા



## સંક્ષીપ્ત સમાચાર

### બકરી ઈદ પહેલાં વલસાડમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ

વલસાડ : વલસાડમાં આવતીકાલે બકરી ઈદની ઉજવણી થનાર છે. આ પ્રસંગે શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે પોલીસે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. એસપી ડૉ. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ સીટી પીઆઈ દિનેશ પરમારની ટીમે શહેરના મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ શરૂ કર્યું છે. પોલીસે વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિઓના વાહનોની તપાસ કરી છે. સંવેદનશીલ વિસ્તારોમાં બાતમીદારો પાસેથી શંકાસ્પદ લોકોની હલચલ અંગે માહિતી મેળવવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં ટોળે વળીને ઊભા રહેતા યુવાનોની પૂછપરછ કરવામાં આવી છે. ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે પણ પગલાં લેવાયા છે. મુખ્ય માર્ગો પર અવરોધરૂપ સ્ટેચ્યુ અને ડિસ્પ્લે મૂકનારા વેપારીઓને સૂચના આપવામાં આવી છે. દુકાનો આગળ પાર્કિંગની જગ્યામાં દબાણ ન કરવા તાકીદ કરવામાં આવી છે. પોલીસે નાગરિકોને ટ્રાફિક નિયમનમાં સહકાર આપવા અપીલ કરી છે. આ તમામ પગલાં દ્વારા મુસ્લિમ સમુદાય હર્ષોલ્લાસ સાથે તહેવારની ઉજવણી કરી શકે તેવું વાતાવરણ સર્જવામાં આવ્યું છે.

### વલસાડમાં બાઈક સ્લીપ થતાં મહિલા એસટી બસ નીચે આવી જતા મોત

વલસાડ : વલસાડ શહેરમાં એસટી વર્કશોપ નજીક આજે સવારે એક દુર્ઘટના સામે આવી છે. ધરમપુર તરફ જતી એસટી બસની બાજુમાં બાઈક પર સવાર મહિલાનું વાહન અચાનક સ્લિપ થયું. બાઈક સ્લિપ થતાં મહિલા બસના પાછળના ટાયર નીચે આવી ગઈ હતી. આ અકસ્માતમાં મહિલાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. ઘટનાની જાણ થતાં સીટી પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી. સમગ્ર અકસ્માત નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે, મહિલા બાઈક પર આગળ જઈ રહી હતી. અચાનક બાઈક સ્લિપ થઈને સીધી બસના પાછળના ભાગમાં આવી ગઈ. બસ ચાલકને ઘટનાની તુરંત જાણ ન થઈ હોવાથી બ્રેક લાગી નહીં. અકસ્માતને કારણે રસ્તા પર કેટલાક સમય માટે ટ્રાફિક જામ સર્જાયો. સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. ઘટનાથી મૃતક મહિલાના પરિવારમાં શોકનું વાતાવરણ છવાયું છે.

### અંકલેશ્વરના ખેડૂતે મલ્ચિંગ પદ્ધતિથી શિયાળામાં પણ ભીંડાની ખેતી કરી

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના જુના બોરભાઠા બેટ ગામના ખેડૂત અશ્વિન પટેલે ખેતીમાં નવીન મલ્ચિંગ પદ્ધતિ અપનાવી છે. આ પદ્ધતિથી તેમણે શિયાળામાં પણ ભીંડાની સફળ ખેતી કરી બતાવી છે. મલ્ચિંગ પદ્ધતિમાં ખેતરમાં નક્કી કરેલી લાઈનમાં પ્લાસ્ટિકની લાઈન પાથરવામાં આવે છે. પ્લાસ્ટિકમાં 3થી 4 સેમીના છિદ્રો કરી તેમાં બિયારણનું વાવેતર કરવામાં આવે છે. આ પદ્ધતિથી તાપમાનની યોગ્ય જાળવણી થાય છે અને છોડનો સારો વિકાસ થાય છે. અશ્વિન પટેલે ડિસેમ્બર-2024માં ભીંડાનું વાવેતર કર્યું હતું. એક સીઝનમાં તેમને રૂ. 1.40 લાખની આવક થઈ છે. તેઓ કેળની ખેતી પણ કરે છે, જેમાં 15થી 17 મહિનાની માવજત બાદ રૂ. 2 લાખ સુધીની આવક મળે છે. મોંઘા બિયારણ, ખાતર અને મજૂરોના ખર્ચ વગર પણ મલ્ચિંગ પદ્ધતિથી સારું ઉત્પાદન મેળવી શકાય છે. અશ્વિન પટેલે ભીંડા ઉપરાંત ચોળી અને મકાઈ જેવા મિશ્ર પાકોની પણ સફળ ખેતી કરી છે. તેમની આ સફળતા અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની છે.

### સુરત BRTS બસમાં ડ્રગ્સ બતાવી આતંક મચાવનાર આરોપીની મહારાષ્ટ્રથી ધરપકડ

સુરત : 4 જૂન 2025ના રોજ સુરતમાં એક યુવકે ડ્રગ્સના નશામાં BRTS બસ માથે લીધી હતી અને ચપ્પુ બતાવી મુસાફરોમાં દહેશત ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત યુવકે તેના પર્સમાંથી ડ્રગ્સનું પેકેટ કાઢી અન્ય મુસાફરને બતાવ્યું હતું, ત્યારે આ મામલે સુરત પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમે મહારાષ્ટ્રના ચાલીસ ગામમાંથી યુવકને ઝડપી પાડ્યો છે, પોલીસ પૂછપરછમાં આરોપીએ કબુલાત કરી છે કે, તેણે MD ડ્રગ્સ લીધું હતું અને આ ડ્રગ્સ તે મુંબઈથી લાવે છે. આરોપી સાબુનો વેપારી છે. સોશિયલ મીડિયામાં સુરત BRTS બસનો એક વીડિયો વાઈરલ થયો હતો. જેમાં જોઈ શકાય છે કે, એક યુવક ડ્રગ્સના નશામાં ધૂત થઈને બસમાં ગાળો બોલી રહ્યો છે. બસમાં આસપાસ મહિલાઓ બેસી હોવા છતાં આ યુવક અન્ય મુસાફરને ધક્કો મારી અને અપશબ્દો બોલીને કહી રહ્યો છે કે, આ સુરત છે, અહીંથી નીકળ. તારી ઓકાત નથી. અઢી લાખની વોચ છે. મારી ફોર વ્હીલરમાં પંચર પડ્યું એટલે બસમાં આવ્યો છું. એટલું જ નહીં ડ્રગ્સના નશામાં યુવક વધુમાં કહી રહ્યો છે કે, આ જો દોઢ લાખ રૂપિયાનો ફોન છે. હું રોયલ કાઠિયાવાડી છું. આટલું બોલીને યુવક તેના પર્સમાંથી રૂપિયા 5000 ના ડ્રગ્સનું પેકેટ કાઢીને અન્ય પેસેન્જરને બતાવી રહ્યો છે. આવી ડાયલોગબાજી કર્યા બાદ તેણે પોતાની પાસે રહેલું ચપ્પુ કાઢી બસના મુસાફરોમાં દહેશત ફેલાવી હતી. જોકે, વીડિયોમાં યુવકના હાથમાં નશાકારક સીરપની બોટલ અને ઈન્જેકશનની સીરિંજ પણ જોવા મળી હતી.

### 5 વર્ષથી ફરાર આરોપીની પોલીસે ધરપકડ કર્યા બાદ કરેલી જામીન અરજી કોર્ટે ફગાવી

વલસાડ : વાપીની સ્પેશિયલ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે 16 વર્ષીય સગીરા પર દુષ્કર્મના આરોપી તપન ડાલીમ ઘોષની જામીન અરજી નામંજૂર કરી છે. સ્પેશિયલ જજ એચ.એન. વકીલે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી આ નિર્ણય લીધો છે. કેસની વિગતો મુજબ, 25 ડિસેમ્બર 2020ના રોજ ઉમરગામ તાલુકાની 16.5 વર્ષની કિશોરી દમણની એક કંપનીમાં જઈ રહી હતી. આ દરમિયાન આરોપી તપન ઘોષે તેને લગ્નની લાલચ આપી અપહરણ કર્યું હતું. આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ભીલાડ પોલીસે આ કેસમાં પોક્સો એક્ટની કલમો લગાવી હતી. આરોપી છેલ્લા પાંચ વર્ષથી ફરાર હતો. વલસાડ પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન તેની ધરપકડ કરી હતી. ત્યારબાદ આરોપીએ વાપીની પોક્સો કોર્ટમાં જામીન અરજી કરી હતી, જે કોર્ટે નામંજૂર કરી છે.

---

સુરતમાં થયેલા ઇન્ટરનેશનલ સાયબર ફ્રોડમાં ઘટસ્ફોટ

# 6 માસમાં RBL બેંકના 89 એકાઉન્ટમાં 1445 કરોડનાં ટ્રાન્ઝેક્શન

**ક્યુબા, ક્રિપ્ટો, કરંટ એકાઉન્ટ ને કરોડોનો ખેલ, , દેશમાં 2500 ફરિયાદ**

• સુરત

સુરત શહેરમાં ગત 27 મેના રોજ ઉધના પોલીસે વાહન ચેકિંગમાં બે શખ્સોને પકડી પાડી સાયબર ફ્રોડનું ઈન્ટરનેશનલ રેકેટ પકડી પાડ્યું હતું. આ કેસમાં હવે નવો ઘટસ્ફોટ થયો છે. તપાસ દરમિયાન પોલીસને 164 બેંક એકાઉન્ટ મળ્યાં છે. આ બેંક એકાઉન્ટમાંથી RBL બેંકમાં ખોલેલા 89 બેંક એકાઉન્ટમાંથી માત્ર છ મહિનામાં કુલ 1,445 કરોડનાં ટ્રાન્ઝેક્શન મળ્યાં છે. જ્યારે હજુ 75 બેંક એકાઉન્ટનું વેરીફિકેશન કરવાનું બાકી છે. આ આંકડો વધી શકે છે. તમામ બેંક એકાઉન્ટ સુરત શહેરમાં ખોલવામાંઆવ્યાહતા. આ બેંકએકાઉન્ટની વિગતોમાં સિંગાપોર, મલેશિયા, ક્યુબા અને થાઈલેન્ડના મોબાઈલ નંબરો આપવામાં આવ્યા હતા. આ ઈન્ટરનેશનલ સાયબરફ્રોડમાં ક્યુબાથી કમાન્ડ મળતો ને કમિશનનો ખેલ શરૂ થતો હતો. આ કેસના આરોપીઓ કિરત જાદવાણી, દિવ્યેશ અને મીત ખોખર દેશભરમાં થતા ડિજિટલ એરેસ્ટ સહિતના સાયબર ફ્રોડના નાણાં 164 બેંક એકાઉન્ટમાં મેળવતા હતા. આ કામ માટે આરોપીઓને ક્યુબાથી 'રિચ પે' નામના ટેલિગ્રામ એકાઉન્ટમાંથી કમાન્ડ મળતો હતો. તમામ બેંક એકાઉન્ટ કરંટ એકાઉન્ટ હતાં અને તેમને કમિશન પર લઈ આ બેંક એકાઉન્ટ પર સાયબર ફ્રોડના પૈસાનું ટ્રાન્ઝેક્શન કરતા હતા.

તેઓ સાયબર ફ્રોડના નાણાં બેંક એકાઉન્ટમાં મેળવતા. ત્યાર બાદ બેંક એકાઉન્ટની વિગતો રેઝર એક્સ એપથી ક્યુબા મોકલતા હતા. આ પૈસા બીજા એકાઉન્ટ ટ્રાન્સફર કરી દેતા અને કમિશન કાપીને આ પૈસા USTDમાં કન્વર્ટ કરવામાં આવતા હતા. જેના કમિશન પેટે આરોપીઓ કરોડો કમાયા હતા. ઓનલાઈન ચીટીંગના ધંધામાં કરોડોની કમાણી કરી સૂત્રધાર કિરત વિનોદ જાદવણીએ 40 તોલા સોનુ અને દોઢેક કરોડ અલગ અલગ બેંક ખાતાઓમાં રોકાણ કર્યા હોવાની વાત સામે આવી છે. ઉપરાંત 2 લાખ USDTમાં અને મોંઘીદાટ કારો પણ ખરીદી કરી છે. આ સમગ્ર મામલે ડીસીપી ભગીરથસિંહ ગઢવીએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં આ ગુનામાં બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. વાહન ચેકિંગ દરમિયાન તેમની ધરપકડ કરાઈ હતી. આરોપી કિરાત જાદવાણી અને મિત ખોખરની ધરપકડ કરાઈ હતી. ત્યાર બાદ અન્ય ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપીઓ અન્ય લોકો પાસેથી તમામ વિગતો મેળવી બેંક એકાઉન્ટ ખોલાવતા હતા. દર એકાઉન્ટ દીઠ તેમને અલગ અલગ લિમિટ આધારે એક લાખ રૂપિયાથી લઈને સાત લાખ સુધીનું કમિશન મળતું હતું.



---

મોત પહેલાં પાણી પણ નસીબ ન થયું

## PTM ટેકસટાઈલ માર્કેટમાં વેપારી પાણીની બોટલ હાથ લેતાં ઢળી પડ્યો

• સુરત

સુરતમાં લોકોના અચાનક બેભાન થઈને મોતને ભેટવાના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં બે યુવાનના અચાનક ઢળી પડ્યા બાદ મોત નીપજ્યાં હતાં, જે પૈકી એક 27 વર્ષીય યુવાન કાપડ વેપારીનું દુકાનમાં જ ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું હતું. PTM ટેક્સટાઈલ માર્કેટમાં ઋષભ ગાંધી નામનો યુવા વેપારી દુકાનમાં બેઠો હતો. આ દરમિયાન તેણે પીવા માટે પાણીની બોટલ હાથમાં લીધી હતી. પરંતુ પાણીની બોટલનું ઢાંકણું ખોલે તે પહેલા જ તે ઢળી પડ્યો હતો. મળતી માહિતી પ્રમાણે, મૂળ રાજસ્થાન અને પર્વત પાટિયા વિસ્તારમાં 27 વર્ષીય ઋષભ ગાંધી રહેતો હતો. પરિવારમાં માતા-પિતા અને એક બહેન છે. ઋષભ સુરતમાં બહેન સાથે રહેતો હતો અને માતા-પિતા વતનમાં રહે છે. ઋષભે બે વર્ષ પહેલાં મિત્રો અને સગાં-સંબંધીઓ સાથે મળીને પદ્માવતી ટેક્સટાઈલ માર્કેટમાં કાપડની દુકાન શરૂ કરી હતી. આ દરમિયાન પાંચ દિવસ પહેલાં તેની સગાઈ પણ થઈ હતી. ગતરોજ સાંજના સમયે ઋષભ તેના બનેવી અને મિત્રો સાથે દુકાનમાં વાતચીત કરી રહ્યો હતો. આ દરમિયાન પાણી પીવા માટે પાણીની બોટલ લઈને ઢાંકણ ખોલે એ પહેલાં જ તે અચાનક ઢળી પડ્યો હતો. બનેવી સહિતના મિત્રોએ તેને CPR આપીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, જોકે તેનામાં કોઈ હલનચલન ન થતાં તેને હોસ્પિટલ લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેનું વજન 100 કિલો જેટલું હોવાથી ઊંચકી શકાય એવી સ્થિતિ ન હોવાથી ખુરસીમાં મૂકીને લિફ્ટ બાદ પાર્કિંગ સુધી લઈ ગયા હતા.

## ચોક્કસ દુકાનેથી સ્ટેશનરી ખરીદવાનું દબાણ કરનાર શાળાઓ સામે કાર્યવાહી થશે

• ભરૂચ

ભરૂચ જિલ્લામાં કેટલીક ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાનોમાંથી શૈક્ષણિક સામગ્રી ખરીદવા દબાણ કરી રહી છે. આ મુદ્દે જાગૃત નાગરિક યોગી પટેલે જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી હતી. જિલ્લા શિક્ષણાધિકારીએ સ્પષ્ટતા કરી છે કે RTE અધિનિયમ-2009 અને રાજ્ય સરકારના 2014ના ઠરાવ મુજબ શાળાઓ પોતાના લોગોવાળી નોટબુક કે ચોક્કસ દુકાનમાંથી સામગ્રી ખરીદવાનું દબાણ કરી શકતી નથી. ગ્રાન્ટ ઈન એઈડ કોડ-1964ની કલમ-17 પણ આવું દબાણ પ્રતિબંધિત કરે છે. શિક્ષણ વિભાગે ચેતવણી આપી છે કે જો કોઈ શાળા આવી પ્રવૃત્તિઓમાં સામેલ મળશે તો RTE અધિનિયમ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. વિભાગે વાલીઓને આવા કિસ્સાઓની જાણ તુરંત જિલ્લા શિક્ષણ કચેરીને કરવા અપીલ કરી છે, જેથી યોગ્ય તપાસ અને કાર્યવાહી થઈ શકે.

## સુરતમાં કિશોરીને પ્રેમજાળમાં ફસાવી યુવકે દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવી, યુવકની ધરપકડ

**સગીરા ICUમાં, 4 માસના ગર્ભના અબોર્શનની મંજૂરી મગાઈ**

• સુરત

સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સગીરાઓ માટે ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતી સગીરાનો સંપર્ક સોશિયલ મીડિયાના માધ્યમથી 25 વર્ષીય પંકજ સરોજ સાથે થયો હતો. ત્યાર બાદ યુવકે પ્રેમસંબંધની આડમાં સગીરા સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યો અને તે ગર્ભવતી થતાં સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ સાથે જ આ સગીરાના 4 મહિનાના ગર્ભનો ગર્ભપાત કરાવવા માટે સુરત સેશન્સ કોર્ટમાં મંજૂરી માગવામાં આવી છે. હાલ સગીરાને આઈસીયુમાં ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવી છે. સુરતના પુણા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા ઉમરવાડા વિસ્તારમાં રહેતી સગીરાની સોશિયલ મીડિયાના માધ્યમથી રાજીવનગરમાં રહેતા પંકજ સરોજના સંપર્કમાં આવી હતી.

ત્યાર બાદ બંને વચ્ચે સારી મિત્રતા બંધાઈ હતી અને બંને મોબાઈલ નંબરની આપ-લે પણ કરી હતી. મોબાઈલ નંબરની આપ-લે બાદ સગીરા અને યુવક બંને એકબીજા સાથે વાત કરતાં હતાં. એ સમયે પંકજે મીઠી મીઠી વાતો કરી સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યાર બાદ અનેક વખત પુણા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ખાડી કિનારે બોલાવી એકાંતમાં સગીરા સાથે પંકજે અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. માતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે મારી દીકરીને ઘરે અચાનક છીંક આવી અને તેને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી, તેને પેટમાં અસહ્ય દુખાવો થતો હતો, જેથી તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે લઈ જતાં દુખાવો બંધ થઈ ગયો અને પરત દીકરીને ઘરે લઈ આવ્યા હતા. ત્યાર બાદ 3 જૂનના રોજ ફરી તેને સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ લઈ જતાં ડોક્ટરે ચેકઅપ કરી 4 મહિનાનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું. ડોક્ટરની આ વાત સાંભળી સગીરાનાં માતા-પિતાના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. ત્યાર બાદ સગીરાના પરિવારના સભ્યોએ આ સમગ્ર મામલે સગીરાની પૂછપરછ કરતાં સામે આવ્યું હતું કે પંકજે અવારનવાર દુષ્કર્મ આચરતાં તે ગર્ભવતી બની છે.

## અંકલેશ્વરમાં 39 હજાર કિલો હેઝાર્ડસ વેસ્ટ ભરેલી ટ્રક ઝડપાઈ

**કેમિકલ વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરનાર 6 સામે ગુનો દાખલ**

• અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે આમલાખાડી બ્રિજ પાસેથી હેઝાર્ડસ વેસ્ટની ગેરકાયદેસર હેરફેર કરતી એક ટ્રક પકડી પાડી છે. પોલીસને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પી.એસ.આઈ. એ.બી.સોલંકી અને તેમની ટીમને માહિતી મળી હતી કે, અંકલેશ્વર જીઆઈડીસીની નાંદોસલ ઈન્ડસ્ટ્રીઝમાંથી માટી જેવો કાળા રંગનો હેઝાર્ડસ વેસ્ટ ટ્રકમાં ભરવામાં આવ્યો છે. આ વેસ્ટ માંગરોળ તાલુકાના નાના બોરાસરા ગામની શુભમ ફર્ટિલાઈઝર કંપનીમાં ખાલી કરવાનો હતો. પોલીસે ટ્રકમાંથી 39,720 કિલો હેઝાર્ડસ વેસ્ટનો જથ્થો જપ્ત કર્યો છે. ટ્રક સહિત કુલ 7 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ટ્રક ચાલક સુનિલ ખુમાન



વસાવાની પૂછપરછમાં જાણવા મળ્યું કે આ વેસ્ટ નાંદોસલ ઈન્ડસ્ટ્રીઝના મેનેજર સોહેલ નાંદોલિયાએ યાસીન ઉસ્માન દિવાન મારફતે ભરાવ્યો હતો. પોલીસે ટ્રકના માલિક ભરત ભરવાડ, યાસીન ઉસ્માન, કંપનીના મેનેજર સોહેલ નાંદોલિયા, કંપનીના માલિક ઈશાક સુલેમાન નાંદોલિયા અને શુભમ ફર્ટિલાઈઝર કંપનીના વહીવટકર્તા સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**સુરતના પાલ-હજીરા રોડ પર યશ્વી ફાઉન્ડેશનની મનમાની**

## પહેલા ઈચ્છા થઈ એટલે ઓપરેશન સિંદૂર સર્કલ બનાવ્યું, પછી રાતોરાત હટાવ્યું

• સુરત

સુરતમાં 31 મેએ પાલ-હજીરા રોડ પર અચાનક જ "ઓપરેશન સિંદૂર" સર્કલ બની ગયું. સવારે ઊઠીને જ્યારે જનતા રોડ પરથી પસાર થઈ ત્યારે તેમને આ સ્કલ્પ્ચરને જોયું, પણ 6 જૂને આ સર્કલને તોડી પડાયું. આ સર્કલ યશ્વી ફાઉન્ડેશને બનાવ્યું હતું, પરંતુ આ સર્કલ યશ્વી ફાઉન્ડેશને કોની મંજૂરીથી બનાવ્યું એ ભગવાન જાણે...

આમ, એટલા માટે કહેવું પડે છે, કારણ કે સુરતના જાહેર રોડ પર અચાનક કોઈપણ સંસ્થા સર્કલ બનાવી દે છે અને 6 દિવસ પછી અચાનક જ SMCને એ ટ્રાફિક માટે





અવરોધરૂપ અને ગેરકાયદે લાગે છે, પરંતુ આ બધામાં ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે આ 6 દિવસ દરમિયાન ના ટ્રાફિક-પોલીસ કે ના SMCએ આ સર્કલને હટાવવા માટે કોઈ કાર્યવાહી કરી. વળી, SMCએ તો માત્ર એક નોટિસ આપી સંતોષ માન્યો છે, પણ દબાણ તોડવામાં અવ્વલ SMC અને રસ્તા પર 'ચુસ્ત 'કામગીરી કરવામાં માહેર ટ્રાફિક-પોલીસને એફઆઈઆર કરવામાં નહીં, પણ આંખ આડા કાન કરવામાં રસ છે.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ચર્ચામાં રહેલું "ઓપરેશન સિંદૂર સર્કલ" આજે(6 જૂન) સવારે અચાનક પાલ-હજીરા રોડ પરથી ગાયબ જોવા મળ્યું હતું. લોકો રોજ સવારે અહીંથી પસાર થતા ત્યારે નજરમાં પડતું આ વિશિષ્ટ અને વિવાદાસ્પદ સર્કલ હવે ત્યાંથી હટાવવામાં આવ્યું છે. સોશિયલ મીડિયામાં આ ટ્રાફિક સર્કલ ભારે વાઈરલ થયું હતું, પરંતુ ચર્ચામાં આવ્યા બાદ ખબર પડી કે આ ગેરકાયદે હતું. અહીં સર્કલની સાથે ફાઈટર પ્લેનની પ્રતિકૃતિ પણ બનાવી દેવામાં આવી હતી.

---

**ન્યૂઝ ફોકસ**

*સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલી જહાંગીરપુરા ગ્રુપ કોટન સોસાયટીની 84મી વાર્ષિક સભા યોજાઈ હતી. આ મહત્ત્વપૂર્ણ સભામાં રાજ્યના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી મુકેશ પટેલે ભ્રષ્ટાચાર મામલે સહકારી ડિરેક્ટરો અને કર્મચારીઓ સામે તીખા પ્રહારો કર્યા હતા.*

## 1 રૂપિયો ખાધો હોય કે 5 લાખ, કૌભાંડીઓને છોડવાનો નથી : વન અને પર્યાવરણ રાજ્યમંત્રી

**મુકેશભાઈ પટેલે કહ્યું- ભ્રષ્ટાચાર અંગે મુકેશ પટેલ નથી કહેતો, ઓડિટ રિપોર્ટ કહે છે**

• સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલી જહાંગીરપુરા ગ્રુપ કોટન સોસાયટીની 84મી વાર્ષિક સભા યોજાઈ હતી. આ મહત્ત્વપૂર્ણ સભામાં રાજ્યના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી મુકેશ પટેલે ભ્રષ્ટાચાર મામલે સહકારી ડિરેક્ટરો અને કર્મચારીઓ સામે તીખા પ્રહારો કર્યા હતા. મુકેશ પટેલે સભામાં ખુલ્લેઆમ ચેતવણી આપતા જણાવ્યું હતું કે, મને ભગવાને બધું આપ્યું છે, પણ ચમરબંધી સહકારી કૌભાંડીને ક્યારે છોડવાનો નથી. ભલે તેમણે એક રૂપિયો ખાધો હોય કે પાંચ લાખનો ભ્રષ્ટાચાર કર્યો હોય. ભ્રષ્ટાચાર અંગે હું મુકેશ પટેલ નથી કહેતો ઓડિટ રિપોર્ટ કહે છે. ભ્રષ્ટાચાર કર્યો છે આ મુકેશ પટેલનો શબ્દ નથી.

મંત્રી મુકેશ પટેલે સભાને સંબોધિત કરતાં સ્પષ્ટ અને તીખા શબ્દોમાં કહ્યું કે, હું અગાઉ તમામ સહકારી મંડળીઓના દરેક નેતાઓને કહી ચૂક્યો છું કે, વહીવટ દરમિયાન જે પણ વ્યક્તિ સભાસદ ખેડૂતોના રૂપિયા ચાઉં કરશે એ ક્યારેય ચલાવવાનો નથી. જે ખેડૂતની ગામમાં એકપણ વીઘો જામીન નથી એવા લોકો 50 ગુણ રાસાયણિક ખાતર લઈ જાય એ જોવાની જવાબદારી મંડળીના તમામ ડિરેક્ટોરની છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ઘણા લોકો ગાળો આપી કહી રહ્યા છે કે, મંત્રી મુકેશ પટેલ સહકારી મંડળીઓમાં પણ માથા મારે છે, પરંતુ મારે એમને કહેવું છે કે, મારે તો કોઈ સહકારી મંડળીમાં જવું નથી. મને ભગવાને ઘણું બધું આપ્યું છે, પણ ચમરબંધી કૌભાંડીઓને ક્યારેય છોડવાનો નથી. ભલે તેમણે એક રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોય કે પછી પાંચ લાખનો. મને જેટલી ગાળો આપવી હોય એટલી આપજો. બિચારો ખેડૂત રાત-દિવસ મહેનત કરે અને મંડળીના ડિરેક્ટરો કે કર્મચારીઓ પૈસા ખાઈ જાય એ નહીં ચલાવી લેવાય. તેમણે પશુપાલન કરતી બહેનોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, મારી બહેનો સવારે 4 વાગ્યે ઉઠીને પશુઓ માટે ઘાસચારો લાવે, મંડળીમાં દૂધ ભરે એમાં પણ આ લોકો કાળા હાથ કરી રહ્યા છે. આ વાર્ષિક સભા દરમિયાન મંડળીના પ્રમુખ પિયુષ પટેલે મંડળીનો આર્થિક અહેવાલ રજૂ કર્યો હતો, તેમણે જણાવ્યું હતું કે, આ મંડળીની સભાસદ સંખ્યા 2083 છે, જેમાં શેર કેપિટલ 4.34 લાખ, રીઝર્વ ફંડ 6.87 લાખ તથા અન્ય વિવિધ ફંડ મળી કુલ મૂડી 3.07 કરોડ છે.



**અક્ષય કુમારની સ્કાય ફોર્સ ફિલ્મે પહેલા દિવસે 11.50 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો**

# Housefull 5: પહેલા દિવસે જ ફિલ્મે રૂ. 18.55 કરોડથી વધુ કમાઈ લીધા



ફિલ્મ 'હાઉસફુલ 5' એ રિલીઝના પહેલા જ દિવસે બોક્સ ઑફિસ પર ધૂમ મચાવી છે. એડવાન્સ બુકિંગ દ્વારા કરોડોની કમાણી બાદ મોર્નિંગ શોમાં પણ દર્શકોની ભારે ભીડ જોવા મળી. અક્ષય કુમાર, રિતેશ દેશમુખ, અભિષેક બચ્ચન, સંજય દત્ત જેવા ધુરંધર જેવા અભિનેતાથી સજાયેલી ફિલ્મ હાઉસફુલ 5 શુક્રવારે 6 જૂને ભારતમાં રિલીઝ થઈ ગઈ છે.

બોક્સ ઓફિસ પર હાઉસફુલ 5 ખૂબ સારું પ્રદર્શન કરી શકે તેવી દર્શકોને આશા છે. આ ફિલ્મના 17,366 શો માટે 2,52,814 ટિકિટની એડવાન્સ બુકિંગ કરાઈ છે. એક રિપોર્ટ્ અનુસાર, ફિલ્મ મેકર્સે રૂ. 8.02 કરોડની કમાણી એડવાન્સ બુકિંગથી કરી લીધી છે. જ્યારે હાઉસફુલ 5એ બોક્સ ઑફિસ પર મોર્નિંગ શોમાં રૂ. 2.17 કરોડનું કલેક્શન કર્યું છે.

ફિલ્મના પહેલા દિવસનું કલેક્શન સામે આવ્યું છે. શરૂઆતના કલેક્શન વિશે વાત કરીએ તો ફિલ્મે પહેલા દિવસે રૂ. 18.55 કરોડથી વધુની કમાણી કરી હોવાનો અંદાજ છે. જ્યારે અક્ષય કુમારની 'સ્કાય ફોર્સ' ફિલ્મે પહેલા દિવસે 11.50 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. બોલિવૂડની સૌથી મોટી કોમેડી ફ્રેન્ચાઈઝ 'હાઉસફુલ 5' ફિલ્મનું દિગ્દર્શન તરુણ મનસુખાની દ્વારા થયું છે. અક્ષય કુમાર, રિતેશ દેશમુખ, અભિષેક બચ્ચન, સંજય દત્ત, નાના પાટેકર, જેકી શ્રોફ, ફરદીન ખાન, શ્રેયસ તલપડે, ડિનો મોરિયા, જેકલીન ફર્નાન્ડીઝ, નરગિસ ફાખરી, સોનમ બાજવા, ચિત્રાંગદા સિંહ, સૌંદર્યા શર્મા, ચંકી પાંડે, જોની લીવર અને નિકિતિનએ મહત્ત્વની ભૂમિકા નિભાવી છે.

# મીઠી નદી કૌભાંડ મામલે અભિનેતા ડિનો મોરિયાના ઠેકાણાઓ પર EDના દરોડા

**મુખ્ય આરોપીના કોલ રેકોર્ડ્સ પરથી અનેક લોકના નામ સામે આવ્યા**



અભિનેતા ડિનો મોરિયા હાલમાં પોતાની ફિલ્મો માટે નહીં પરંતુ મુંબઈના બહુચર્ચિત મીઠી નદી કૌભાંડ મામલે ચર્ચામાં છે. તે આ કૌભાંડની તપાસમાં ફસાઈ રહ્યો છે. આ કેસમાં અભિનેતાના ભાઈ સેન્ટિનો મોરિયાનું નામ પણ સામેલ છે. કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ લગભગ એક ડઝન સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. EDના સૂત્રોએ જણાવ્યું કે, ડિનો મોરિયાના ભાઈ સેન્ટિનોને પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે.

સૂત્રો પાસથી મળેલી માહિતી પ્રમાણે આ કૌભાંડમાં મુખ્ય આરોપીના કોલ રેકોર્ડ્સ પરથી અનેક લોકના નામ સામે આવ્યા છે. મીઠી નદી કૌભાંડના મુખ્ય આરોપી કેતન કદમના કોલ રેકોર્ડસની તપાસમાં ડિનો મોરિયાનું નામ સામે આવ્યું છે. આરોપ છે કે, મીઠી નદી કૌભાંડના આરોપી કેતન સાથે ડિનો મોરિયા અને તેના ભાઈ સેન્ટિનોએ ઘણી વખત ફોન કોલ પર વાતચીત થઈ છે.

ED પહેલાં મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાની ટીમે અભિનેતા ડિનો મોરિયા અને તેના ભાઈ બંનેની પૂછપરછ કરી છે. બંનેને ગત અઠવાડિયે જ પૂછપરછ માટે બોલાવ્યા હતા. વાસ્તવમાં મુંબઈ મહાનગરપાલિકાએ થોડા સમય પહેલા મીઠી નદીની સફાઈ કરાવી હતી. આ કૌભાંડ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મીઠી નદીની સફાઈમાં ઉપયોગમાં લેવાતા સ્લજ પુશર્સ અને ડ્રેજિંગ મશીનોની ખરીદી અને વેચાણ સાથે સંબંધિત છે. એવો આરોપ છે કે, આ મશીનો કોચી સ્થિત કંપની મેટપ્રોપ ટેકનિકલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી ઊંચા ભાવે ભાડે લેવામાં આવ્યા હતા અને આમાં મોટી નાણાકીય ગેરરીતિઓ આચરવામાં આવી હતી. આ કેસમાં કેતન કદમ અને જય જોશી મુખ્ય આરોપી છે. આ બંને પર મેટપ્રોપ કંપનીના અધિકારીઓ અને બીએમસીના સ્ટોર્મ વોટર ડ્રેનેજ વિભાગના અધિકારીઓની મિલીભગતથી કરોડો રૂપિયાનું કૌભાંડ કરવાનો આરોપ છે. કથિત રીતે મીઠી નદીના કથિત ડિસિલ્ટિંગ કૌભાંડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને 65.54 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે.

# ટીવીના ટોપ ટેન કલાકારોની યાદી જાહેરઃ જાણો કોણ છે નંબર વન



મુંબઈઃ ટેલિવિઝન (ટીવી) જગતના ટોચના કલાકારોની યાદી બહાર પાડવામાં આવી છે, જેમાં 'અનુપમા', 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' અને 'કુમકુમ ભાગ્ય'ના સ્ટાર્સે બાજી મારી છે. જાણો આ યાદીમાં કોને કયું સ્થાન મળ્યું છે. આ યાદીમાં પહેલા નંબરે સીરિયલ 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' ફેમ અભિનેત્રી સમૃદ્ધિ શુક્લા છે. તેણે દર્શકોના દિલમાં પોતાનું સ્થાન બનાવ્યું છે, જ્યારે આ યાદીમાં બીજા નંબરે 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' ના રોહિત પુરોહિત છે. 'અનુપમા' ફેમ અભિનેત્રી રૂપાલી ગાંગુલી ટોપ 10ની યાદીમાં ત્રીજા નંબરે છે. જ્યારે ટીવી સીરિયલ યે રિશ્તા ક્યા કહેલાતા હૈ ફેમ અભિનેત્રી પ્રણાલી રાઠોડ ચોથા નંબર પર છે. ટીવી સીરિયલ 'કુમકુમ ભાગ્ય' ફેમ એક્ટર નમિક પોલનું નામ આ યાદીમાં પાંચમા નંબરે છે. 'ગુમ હૈ કિસીકે પ્યાર મેં' ફેમ અભિનેત્રી ભાવિકા શર્માને આ યાદીમાં છટ્ઠું સ્થાન મળ્યું છે. 'ગુમ હૈ કિસીકે પ્યાર મેં' ફેમ અભિનેતા પરમ સિંહ સાતમાં સ્થાને છે. લાફટર શેફસમાં જોવા મળેલી રૂબીના દિલૈકને આઠમું સ્થાન મળ્યું છે. આ અભિનેત્રી હજુ પણ દર્શકોની ચહીતી છે. તેણે બિગ-બોસ, ખતરોં કે ખિલાડી જેવા શોમાં ધમાલ મચાવી હતી.ટીવી સીરિયલ 'મન્નત' ફેમ અભિનેત્રી આયેશા સિંહે યાદીમાં નવમું સ્થાન મેળવ્યું છે. દસમા નંબર પર હિબા નવાબ છે, જેણે ઝનક સિરિયલ દ્વારા લાખો લોકો દિલોમાં સ્થાન બનાવ્યું હતું.

# સિંગર સુનંદા શર્મા સાથે લંડનમાં થઈ ચોરી, વીડિયોમાં વ્યક્ત કરી વેદના

**જ્યાં જોઉં છું, ત્યાં બસ ચોર જ દેખાય છે**



લંડનઃ પરદેશમાં ભારતીયો સાથે મારામારી અને લૂંટ જેવી ઘટનાઓ અવારનવાર સામે આવતી હોય છે. જેમાં હવે સેલિબ્રિટી પણ બાકાત નથી. પંજાબી ગાયિકા સુનંદા શર્મા સાથે પણ કંઈક આવું જ બન્યું છે. લંડન ખાતે ગયેલી સુનંદા શર્માની જેગુઆર કાર સાથે તોડફોડ કરીને કેટલાક લોકો તેનો સામાન ચોરી ગયા છે. આ ઘટનાને લઈને ગાયિકા સુનંદા શર્માએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને પોતાની વેદના વ્યક્ત કરી છે.

ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં સુનંદાએ પોતાની કારના તૂટેલા કાચના ટુકડા બતાવ્યા છે. નુકસાન થયું હોવા છતાં પણ તે વીડિયોમાં હસતા ચહેરા સાથે નજરે પડે છે. વીડિયોમાં તે જણાવે છે કે, ગાડીમાંથી તેના બે મોંઘા બેગ પણ ચોરાઈ ગયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં સુનંદા શર્મા પોતાની કાર તરફ ઈશારો કરી પોતાને કેટલું નુકસાન થયું છે અને કેવી રીતે બધુ વેરવિખેર થઈ ગયું છે એ બતાવે છે. સુનંદાએ જણાવ્યું કે, મારા બે લુઈ વઈટન બેગ, એક સુટકેસ અને એક હેંડબેગ મેં મારી મહેનતના પૈસાથી ખરીદી હતી. બધું જ ચોરાઈ ગયું. બંને બેગ મને ગમતા હતા. બધું જ ચાલ્યું ગયું.

વીડિયોમાં પોતાની નિરાશા વ્યક્ત કરવાની સાથોસાથ સુનંદાએ લંડનની સુરક્ષા વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેણે અધિકારીઓ પાસે કડક કાર્યવાહી કરવાનો આગ્રહ કર્યો છે. વીડિયોની સાથોસાથ સુનંદાએ લખ્યું હતું કે, જ્યાં પણ જોઉં છું, મને ચોર જ ચોર દેખાય છે. યુકેના લોકો આ બરાબર નથી, સાચુ ને? મને આખી રાત ઉંઘ નથી આવી, મારા રાજાઓ. હવે શું એલવી, શું પ્રાદા? બધું જ ચાલ્યું ગયું, બધું ચાલ્યું ગયું, બધું ચાલ્યું ગયું. પરંતુ આમપણ, કદાચ હું કોઈ અન્ય ખરાબ વસ્તુથી બચી ગઈ."

# બાહુબલીના બે ભાગને મિક્સ કરી એક સિંગલ ફિલ્મ તરીકે રીલિઝ કરાશે



મુંબઈ :પ્રભાસ અને અનુષ્કા શેટ્ટી તથા તમન્ના ભાટિયાની ફિલ્મ 'બાહુબલી' બે ભાગમાં રીલિઝ થઈ હતી અને આ બંને ભાગ સુપરહિટ પુરવાર થયા હતા. હાલ જૂની જૂની ફિલ્મો રી રીલિઝ કરવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે ત્યારે આ ફિલ્મના નિર્માતાઓ આ બંને ભાગને એક કરી એક સિંગલ ફિલ્મ તરીકે રી રીલિઝ કરવાનું નક્કી કર્યું છે. આ ફિલ્મ નવાં સ્વરુપે આગામી ઓક્ટોબરમાં રીલિઝ થશે. બંને ભાગનાં ચુનંદા અને વાર્તા માટે ચાવીરુપ દ્રશ્યોને એકત્ર કરી એડિટ કરી એક જ ભાગમાં નવી ફિલ્મ બનાવાશે. જો આ પ્રયોગ સફળ થાય તો જૂની ફિલ્મો રી રીલિઝ કરવાની દિશામાં એક નવો ટ્રેન્ડ શરુ થઈ શકે છે. ૨૦૧૫માં 'બાહુબલી ધી બિગનિંગ' અને ૨૦૧૭માં 'બાહુબલી ધ કન્ક્લુઝન' રીલિઝ થઈ હતી. આ ફિલ્મ દ્વારા પ્રભાસ નેશનલ સ્ટાર બની ગયો હતો. હવે અનેક ફિલ્મોમાં એક ભાગમાં વાર્તા અધૂરી રાખીને બીજા ભાગમાં પૂરી વાર્તા કહેવાનો ટ્રેન્ડ ચાલુ થયો છે પરંતુ તાજેતરનાં વર્ષોમાં તેનો સૌથી સફળ પ્રયોગ 'બાહુબલી' દ્વારા જ થયો હતો. બંને ભાગનું કુલ મળીને ૨૪૬૦ કરોડ રુપિયાનું કલેક્શન થયું હતું જે એક રેકોર્ડ ગણાય છે.

**શુભમન ગિલ અને કોચ ગૌતમ ગંભીરે ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરી**

# રોહિત શર્મા અને વિરાટ કોહલીનું સ્થાન ભરવું મુશ્કેલ : શુભમન ગિલ



ટીમ ઈન્ડિયા 20 જૂનથી ઈંગ્લેન્ડમાં 5 મેચની ટેસ્ટ સીરિઝ રમશે. આ સીરિઝ માટે રવાના થતા પહેલા ટીમ ઈન્ડિયાના નવનિયુક્ત કેપ્ટન શુભમન ગિલ અને કોચ ગૌતમ ગંભીરે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન બંનેએ ઘણા સવાલોના જવાબ પણ આપ્યા. ચાલો તમને આ પ્રેસ કોન્ફરન્સની 5 મોટી વાતો જણાવીએ.

આ સીરિઝ શરૂ થવાના થોડા દિવસ પહેલા જ રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું. તેના થોડા દિવસ પછી જ વિરાટ કોહલીએ પણ સંન્યાસનું એલાન કર્યું હતું. અશ્વિને પહેલા જ અલવિદા કહી ચૂક્યો છે. આ સવાલના જવાબમાં ગિલે કહ્યું કે, રોહિત-વિરાટનું સ્થાન ભરવું મુશ્કેલ છે. આ પ્રવાસમાં અમને તેમની ખોટ સાલશે. પરંતુ અમારી ટીમ તૈયાર અને સંતુલિત છે.

આ સવાલના જવાબમાં કોચ ગૌતમ ગંભીરે કહ્યું કે, અમે આ પ્રવાસ માટે 18 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. દરેક મેચની પરિસ્થિતિ પ્રમાણે પ્લેઈંગ ઈલેવનને ફાઈનલ કરવામાં આવશે. ફાસ્ટ અને સ્પિન બોલિંગને પણ તે મુજબ ગોઠવવામાં આવશે. તેણે કરુણ નાયરની પ્રશંસા કરી.

ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે સ્પષ્ટપણે એ ન જણાવ્યું કે જસપ્રીત બુમરાહ ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝમાં કઈ ત્રણ ટેસ્ટ રમશે, પરંતુ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ફાસ્ટ બોલિંગ યુનિટ બુમરાહની ગેરહાજરીમાં પણ વર્કલોડ સંભાળવા સક્ષમ છે. ગંભીરે કહ્યું કે, અમે અત્યાર સુધી નક્કી કર્યું છે કે કઈ ત્રણ મેચ (તે) રમશે. જોકે, હજુ સુધી એ નક્કી નથી કે બુમરાહ માત્ર ત્રણ ટેસ્ટ જ રમશે.

કેપ્ટનશીપના સવાલ પર ગિલે કહ્યું કે, 'જેમ-જેમ ખેલાડી રમે છે, તેમ-તેમ તે શીખે છે. મારે ટીમ સાથે વાત કરવી પડશે અને તેમને સમજવું પડશે. આ અમારી તાકાત હશે. મને ખેલાડીઓ સાથે સંપર્કમાં રહેવું અને તેમની સમસ્યાઓ સમજવી ગમે છે. અમારી ટીમમાં બુમરાહ જેવા મહાન બોલરો છે. અમારા પેસરો ખૂબ સારા છે.

# સ્પિનર પિયુષ ચાવલાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી



ટીમ ઈન્ડિયાની વર્લ્ડકપ વિજેતા ટીમના જાદુઈ લેગ સ્પિનર પીયૂષ ચાવલાએ ઈન્ટરનેશનલ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ચોંકાવી દીધા છે. પીયૂષ ચાવલા ટીમ ઈન્ડિયા માટે 2007ના ટી 20 વર્લ્ડ કપ અને 2011ના વન ડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો હિસ્સો રહી ચૂક્યો હતો. આ બંને વર્લ્ડકપ ટીમ ઈન્ડિયાએ મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં જીત્યા હતા. સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ લખી પીયૂષ ચાવલાએ જણાવ્યું કે બે દાયકાથી વધુ સમય સુધી મેદાનમાં વીતાવ્યા બાદ હવે સમય આવી ગયો છે કે આ સુંદર રમતને અલવિદા કહું. ભારતનું પ્રતિનિધિત્વ કરવાથી લઈને 2007ના ટી20 વર્લ્ડકપ અને 2011 વનડે વર્લ્ડકપ જીતનારી ટીમનો હિસ્સો બનવા સુધીની આ અદભૂત સફરની દરેક ક્ષણ મારા માટે એક આશીર્વાદ સ્વરૂપ બની રહી છે. આ યાદો હંમેશા મારા મનમાં જીવંત રહેશે.

**મુંબઈની ટીમ માટે પણ બોલી લગાવી હતી, પરંતુ ખૂબ જ ઓછા માર્જિનથી રહી ગયો**

# ક્રિકેટ નહી દારૂની બ્રાન્ડના પ્રચાર માટે ખરીદી હતી RCB, વિજય માલ્યાની કબૂલાત



રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ IPL 2025નો ખિતાબ જીત્યા બાદ સતત ચર્ચામાં છે. 18 વર્ષ બાદ ટીમે પહેલીવાર આ ખિતાબ પોતાના નામે કર્યો છે. ટીમના પૂર્વ માલિક વિજય માલ્યાએ આ ઐતિહાસિક જીત પર ખુશી વ્યક્ત કરી અને RCB ખરીદવા પાછળનું વાસ્તવિક કારણ પણ જણાવ્યું છે.

યુટ્યુબર રાજ શમાણી સાથે પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન માલ્યાએ કહ્યું કે, IPL સાથે મારો સંબંધ લલિત મોદીના અપ્રોચથી શરૂ થયો હતો. તેમણે કહ્યું કે, 'લલિત મોદીએ BCCI કમિટી સમક્ષ IPL માટે પોતાનું વિઝન રજૂ કર્યું હતું, જેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો. એક દિવસ તેમણે મને ફોન કર્યો અને કહ્યું કે ટીમોનું ઓક્શન થવા જઈ રહ્યું છે, શું તમે ટીમ ખરીદવા માંગો છો? ત્યારબાદ મેં ત્રણ ફ્રેન્ચાઈઝી માટે બોલી લગાવી. મેં મુંબઈની ટીમ માટે પણ બોલી લગાવી હતી, પરંતુ ખૂબ જ ઓછા માર્જિનથી રહી ગયો.'

માલ્યાએ આગળ કહ્યું કે, જ્યારે મેં 2008માં RCB ખરીદવા માટે બોલી લગાવી ત્યારે મેં IPLને ભારતીય ક્રકેટ માટે ગેમ ચેન્જર તરીકે જોયું. મારું વિઝન એક એવી ટીમ બનાવવાનું હતું જે બેંગ્લુરુની ઓળખ બને. ઉર્જાથી ભરપૂર, મોર્ડન અને ગ્લેમરસ. તે સમયે અમે 112 મિલિયન ડોલર (લગભગ રૂ. 600-700 કરોડ)ની બોલી લગાવી હતી, જે તે સમયે બીજી સૌથી મોટી બોલી હતી. મને આ લીગની પોટેન્શિયલ પર પૂરો વિશ્વાસ હતો. હું ઈચ્છતો હતો કે RCB માત્ર એક ક્રિકેટ ટીમ નહીં પણ એક બ્રાન્ડ બને. તેથી મેં તેને 'રોયલ ચેલેન્જ' સાથે જોડી, જે અમારી સૌથી વધુ વેચાતી દારૂ બ્રાન્ડ્સમાંની એક હતી. આનાથી ટીમને એક મજબૂત અને પ્રીમિયમ ઓળખ મળી.

માલ્યાએ એ યુઁબૂલ કબૂલ કર્યું કે, RCB ખરીદવા પાછળ મારો ઈરાદો ક્રિકેટ નહીં પણ ની પોતાની વ્હિસ્કી બ્રાન્ડ 'રોયલ ચેલેન્જ'ને પ્રમોટ કરવાનો હતો. તેણે કહ્યું કે, 'હું ઈચ્છતો હતો કે, RCB માત્ર એક ક્રિકેટ ટીમ જ ન રહે, પરંતુ એક લાઈફસ્ટાઈલ બ્રાન્ડ બને. આફટર પાર્ટીસ, ચીયરલીડર્સ, ચાહકો સાથે જોડાવું, આ બધું સમજી વિચારીને કરવામાં આવ્યું હતું, જેથી RCBને સૌથી ગ્લેમરસ ફ્રેન્ચાઈઝી બનાવી શકાય. કિંગફિશર અને રોયલ ચેલેન્જ અમારા સ્પોન્સર હતા, તો અમે દરેક મેચને એક મોટી ઈવેન્ટ બનાવી દીધી. લોકોએ કહ્યું કે આ બધુ એક દેખાડો છે, પરંતુ અમારા માટે તે એક વ્યૂહરચના હતી. બેંગ્લોરના લોકોને આ બધું ખૂબ પસંદ આવ્યું અને ધીમે-ધીમે RCB શહેરની ધડકન બની ગઈ.'

## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદ એસઓજી પોલીસે 12 વર્ષથી ફરાર આરોપી દેવભૂમિ દ્વારકાથી ઝડપ્યો

દાહોદ : દાહોદ એસઓજી પોલીસે ધાડ અને આર્મ્સ એક્ટના કેસમાં 12 વર્ષથી ફરાર આરોપીને દેવભૂમિ દ્વારકાથી ઝડપી પાડ્યો છે. આરોપી ફાધરભાઈ પાંગુભાઈ મેડા ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામમાં મજૂર તરીકે રહેતો હતો. દાહોદ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ એસઓજી ટીમે ગુપ્ત બાતમીના આધારે આ કાર્યવાહી કરી. મધ્યપ્રદેશના વતની આરોપીએ પોતાની ઓળખ છુપાવવા વેશ પલટો કર્યો હતો. તે આહિર સિંહણ ગામમાં મજૂરી કામ કરતો હતો. પોલીસે બાતમીના આધારે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીની ઓળખ કરી અને તેને ઝડપી પાડ્યો. આરોપીને કાયદેસરની કાર્યવાહી બાદ જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. દાહોદ એસઓજી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. આ સફળ કાર્યવાહીથી નાસતા ફરતા આરોપીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસની કામગીરી વધુ મજબૂત બની છે.

### ગોધરામાં કતલખાનામાં જતાં બે પશુઓનો બચાવ, એક ઝડપાયો

ગોધરા : ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે સાતપુલ વિસ્તારમાં આવેલી રબ્બાની મસ્જિદ નજીક કતલખાને જતાં બે પશુઓને બચાવી લીધા છે. પોલીસની રેઈડમાં એક આરોપી ઝડપાયો છે. પોલીસને મળેલી બાતમીના આધારે 5 જૂને સાતપુલ વિસ્તારમાં રબ્બાની મસ્જિદ નજીક સંગાડાની બાજુમાં આવેલા ભોંયરામાં દરોડો પાડ્યો હતો. આ દરોડામાં મોહમ્મદ અબ્દુલ્લા ઉમરજીની માલિકીની બિલ્ડિંગમાં કતલ માટે રાખેલા એક ગાય અને એક બળદને મુક્ત કરાવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે સોહેલ સુલેમાન ટીલડી, કાસિમ અબ્દુલરઉફ ચરખા, શાહિદ સાદિક હયાત અને આફતાબ ઉર્ફે મુસા ઈકબાલ પાયા મોરવા હડફ તાલુકાના સાલિયા ગામેથી આ પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધીને લાવ્યા હતા. પોલીસે એક કાર અને પશુઓ સહિત કુલ રૂ. 2.45 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સ્થળ પરથી શાહિદ સાદિક હયાત પકડાયો છે, જ્યારે અન્ય પાંચ આરોપીઓ ફરાર છે. ગોધરા શહેર બી પોલીસે કુલ 6 આરોપીઓ વિરુદ્ધ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે.

### શહેરા તાલુકાની 42 ગ્રામ પંચાયતની ચૂંટણી, અત્યાર સુધીમાં 42 ઉમેદવારી ફોર્મ ભરાયા

ગોધરા : પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં 42 ગ્રામ પંચાયતની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ છે. તાલુકા પંચાયત કચેરી ખાતે ઉમેદવારી ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. સરપંચ પદના ઉમેદવારો પોતાના સમર્થકો સાથે અબીલ-ગુલાલની છોળો વચ્ચે ઉમેદવારી નોંધાવી રહ્યા છે. પંચમહાલ જિલ્લામાં કુલ 266 ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાવાની છે. આમાં શહેરા, ગોધરા, હાલોલ, કાલોલ, જાંબુઘોડા અને ઘોઘંબા તાલુકાનો સમાવેશ થાય છે. ચૂંટણી અધિકારીઓની દેખરેખ હેઠળ ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. શહેરા તાલુકા પંચાયતની 32 ગ્રામ પંચાયતોમાં 35 સરપંચ બેઠકો છે. વોર્ડ સભ્યોની સંખ્યા 342 છે. મતદાન માટે 116 મથકો અને 218 મતદાન પેટીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. અત્યાર સુધીમાં 42 ઉમેદવારી ફોર્મ ભરાયા છે. ઉમેદવારો પોતાના મત વિસ્તારમાં જઈને મતદારોનો સંપર્ક કરી રહ્યા છે. તેઓ વિજયની આશા સાથે ચૂંટણી પ્રચારમાં જોડાયા છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા સમગ્ર પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પાર પાડવામાં આવી રહી છે.

### ખંભાતમાં માઈનોર બ્રિજનો સ્લેબ તૂટતાં બે મજૂર દટાયા, એકનું મોત

ખંભાત : ખંભાતમાં માઈનોર બ્રિજનો સ્લેબ પડતા દુર્ઘટના સર્જાઇ છે. હાથિયાવાડ વિસ્તારની ઘટનામાં બે મજૂર દટાયા હતા, જેમાં એકનું મોત થયું છે. સ્થાનિકોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી એક મજૂરને બચાવ્યો છે. હાલ 108 મારફતે તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. આ ઘટનામાં પવનકુમાર જવાહર લાલનું મોત નીપજયું છે. તેની ઉંમર 19 વર્ષની હતી. ગામ, ઘુમાનભારું. મૃતક પવનનું કરમસદ ખાતે પોસ્ટમોર્ટમ કરીને એના ગામ માટે રવાના કરવામાં આવ્યો. નેપાળના જિલ્લા બાકેના ગામ દીઠાપુરના રહેવાસી 36 વર્ષીય રાકેશભાઈ લખનરામ ચૌહાણ નામનો વ્યકિત ઈજાગ્રસ્ત છે. હાઈવે પાસે બનતા ડેમના કામકાજ દરમિયાન દુર્ઘટના બની હતી. કરોડોના પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવી છે. કોન્ટ્રાક્ટરે સેફટીના સાધનો ન રાખી કામગીરી કરાતા દુર્ઘટના સર્જાઇ હતી. કોન્ટ્રાકટરની બેદરકારીથી મજુરે જીવ ગુમાવ્યાનો આક્ષેપ છે.

### દાહોદમાં RTOની બંધ ચેકપોસ્ટના કેબિનમાં મહિલાની લાશ મળતાં ચકચાર

દાહોદ : દાહોદ નજીક પુંસરી ગામે આવેલી લાંબા સમયથી બંધ પડેલી RTO ચેકપોસ્ટના એક કેબીન માંથી એક મહિલાની હત્યા કરાયેલી હાલતમા મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે, પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતક મહિલાની ઓળખ કરતા મૃતક મહિલાનુ નામ લીલાબેન ઉર્ફે વર્ષાબેન વાદી હોવાનુ સામે આવ્યુ હતુ. આ મૃતક મહિલા મૂળ પંચમહાલ જિલ્લાના મોરવા ગામના વતની હતી. લીલાબેનના લગ્ન ઝાલોદ તાલુકાના ગામડી ગામે થયા હતા. હાલ તેઓ પોતાના પતિ અને પરિવાર સાથે મધ્ય પ્રદેશના ઝાબુઆમાં રહેતા હતા. સવારે 11 વાગ્યાની આસપાસ આ ઘટનાની જાણ થઈ હતી. દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલા સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. દાહોદ બી ડિવિઝન પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે. હત્યારાની શોધખોળ માટે જુદી જુદી દિશામાં તપાસ શરૂ કરી છે. પોલીસને હજુ સુધી એ જાણકારી મળી નથી કે મહિલાને આ બંધ કેબિનમાં કોણ લાવ્યું. હત્યા પાછળનું કારણ પણ અજ્ઞાત છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં પૂછપરછ શરૂ કરી છે. સીસીટીવી ફૂટેજની તપાસ અને ફોરેન્સિક પુરાવા એકત્ર કરવાની કામગીરી ચાલી રહી છે. લીલાબેન ઝાબુઆથી દાહોદ નજીક આવેલા પુંસરી ગામના બંધ RTO ચેકપોસ્ટ સુધી કેવી રીતે પહોંચ્યા તે પણ તપાસનો વિષય છે. આ ઘટનાએ સ્થાનિક વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો છે. પોલીસ હત્યારાઓને પકડવા માટે સઘન પ્રયાસો કરી રહી છે.

---

કોઈપણ પ્રકારની અફવાઓમાં ન આવવા પોલીસ કમિશનરે શહેરીજનોને અપીલ કરી

# વડોદરામાં બકરી ઈદની ઉજવણીને લઈને ફુટ પેટ્રોલિંગ હાથ ધરાયું

**વડોદરામાં સંવેદનશીલ વિસ્તારોમાં 2000થી વધુ પોલીસ જવાનો અને 7000થી હોમગાર્ડ જવાનો ખડેપગે**

• વડોદરા

વડોદરા શહેરમાં આવતીકાલે બકરી ઈદની ઉજવણી થનાર છે. જેને લઈને વડોદરા શહેર પોલીસ દ્વારા આજે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં આજે ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર હાજર રહ્યા હતા. તેઓએ શહેરીજનોની અપીલ કરી હતી કે, તમે કોઈપણ પ્રકારની અફવાઓ ન આવશો. આવી કોઈ અફવાઓ તમને મળે તો તુરંત જ પોલીસનો સંપર્ક કરજો. તમને મદદ મળી રહેશે.

વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, આવતીકાલે બકરી ઈદની ઉજવણીને લઈને વડોદરા શહેર પોલીસ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. અગાઉ ધાર્મિક નેતાઓ મીટીંગો કરીને શાંતિપૂર્ણ માહોલમાં બકરીની ઉજવણી થાય તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વડોદરાના ઈદગાહ મેદાનમાં આવતીકાલે બકરી ઈદની ઉજવણી થશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આવતીકાલે દિવસ દરમિયાન થનારી ઉજવણીને લઈને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. જેમાં એડિશનલ પોલીસ કમિશનર, ડીસીપી, 13 એસીપી, 150થી વધારે પીઆઈ અને પીએસઆઈ, 2000થી વધુ પોલીસકર્મીઓ સંવેદનશીલ વિસ્તારમાં ખડેપગે રહેશે. આ દરમિયાન ધાબા પોઈન્ટ અને દીપ પોઈન્ટ પર પોલીસકર્મીઓ તૈનાત રહેશે. સાથે-સાથે SRPની પાંચ કંપની પણ શહેર પોલીસની મદદમાં હાજર રહેશે. 700થી વધુ હોમગાર્ડના જવાન પણ ખડેપગે રહેશે.

તેઓએ ઉમેર્યું હતું કે, ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને હાજરી રહેશે. ખાસ કરીને કોમ્યુનલ સેન્સિટીવ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. શાંતિપૂર્ણ માહોલમાં તહેવારની ઉજવણી થાય તે માટે તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે. આવતીકાલે સવારે 6 વાગ્યાથી પોલીસ ખડેપગે હાજર રહેશે અને શહેરીજનોને મારી અપીલ છે કે, સવાર દરમિયાન કોઈપણ પ્રકારની અફવાઓ ધ્યાન ના આપો. આવી કોઈપણ વાત ધ્યાનમાં આવે તો 100 અને 112 નંબર ઉપર કે નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે.



---

દાહોદ મનરેગા કૌભાંડમાં મંત્રી પુત્રોના રિમાન્ડ પૂર્ણ

## કોર્ટે કિરણ અને બળવંતને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા

• દાહોદ

દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. રાજ્યના પંચાયત અને કૃષિ રાજ્યમંત્રી બચુભાઈ ખાબડના બંને પુત્રો કિરણ અને બળવંત ખાબડને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. લવારીયા ગામમાં કિરણ ખાબડની શ્રી રાજ કન્સ્ટ્રક્શન કંપનીએ 18.41 લાખ રૂપિયાનું કૌભાંડ આચર્યું છે. ગ્રામીણ રોડ અને ચેકવોલના કામો માત્ર કાગળ પર બતાવી નાણાં ઉપાડ્યા હતા. દાહોદ બી ડિવિઝન પોલીસે 29 મે, 2025ના રોજ ફરિયાદ નોંધી હતી. સાત દિવસના રિમાન્ડ દરમિયાન બનાવટી રસીદો અને ખર્ચની તપાસ કરવામાં આવી. ભાણપુરમાં બળવંત ખાબડની શ્રી રાજ ટ્રેડર્સ એજન્સીએ 33 લાખ રૂપિયાનું કૌભાંડ કર્યું છે. રોડ, ખેતરની ધાર અને પાણીના ડેમના 11 કામો અધૂરા છોડી દીધા. છતાં તેમના બિલો ચૂકવી દેવામાં આવ્યા. પાંચ દિવસના રિમાન્ડ દરમિયાન બોગસ ખર્ચ અને ગ્રામજનોની ફરિયાદોની તપાસ થઈ. તપાસમાં સામે આવ્યું છે કે 2021થી 2024 દરમિયાન દેવગઢ બારીયા અને ધાનપુરમાં 35 એજન્સીઓએ 71 કરોડથી વધુ રૂપિયાની ખોટી ચૂકવણી મેળવી છે. બંને આરોપીઓએ બનાવટી દસ્તાવેજો અને ખોટા મજૂરી ખર્ચ બતાવી નાણાં ઉપાડ્યા છે.

---

## ઘોઘંબાના પાધોરા ગામે કરિયાણાની દુકાનમાંથી 8.4 કિલો પોષ ડોડા સાથે વેપારી ઝડપાયો

• ગોધરા

પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી. પોલીસે ઘોઘંબા તાલુકાના પાધોરા ગામમાં એક કરિયાણાની દુકાનમાંથી નશીલા પદાર્થનો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે દુકાનમાંથી 8.480 કિલોગ્રામ પોષ ડોડા મળી આવ્યા છે. આ જથ્થાની કિંમત રૂ. 25,440 આંકવામાં આવી છે. પોલીસે દુકાનના માલિક જીવનભાઈ મોતીભાઈ બારીઆની ધરપકડ કરી છે. તે કુવા ફળિયામાં રહે છે. તેની દુકાનમાંથી એક મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો છે, જેની કિંમત રૂ. 5,000 છે. કુલ મુદ્દામાલની કિંમત રૂ. 30,440 થાય છે. આ કાર્યવાહી પંચમહાલ ગોધરા રેન્જના I/C પોલીસ મહાનિરીક્ષક મનોજ નિનામા અને પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.

---

કરમસદ-વલાસણ રોડ પરથી 63.03 લાખનું ડ્રગ્સ પકડાવાનો મામલો

## પરવેઝ વડોદરાથી ડ્રગ્સ લાવી આણંદ-વિદ્યાનગરમાં છુટક વેચાણ કરતો હોવાનું ખુલ્યું

• આણંદ

વિદ્યાનગર પોલીસે ગતરોજ કરમસદ-વલાસણ રોડ પર વોચ ગોઠવી મોપેડ સવાર બે ઈસમો પાસેથી રૂપિયા 63.03 લાખ કિંમતનું MD અને LSD ડ્રગ્સ પકડ્યું હતું. પોલીસે આ ડ્રગ્સ સહિત કુલ રૂપિયા 63.85 લાખનો મુદ્દામાલ જપ્ત કરી, તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં તેઓ વડોદરાથી ડ્રગ્સ લાવી આણંદ-વિદ્યાનગર તેમજ આસપાસના વિસ્તારોમાં છુટક વેચાણ કરતાં હોવાનું બહાર આવ્યું છે. આણંદમાં ઝાયડસ હોસ્પીટલની પાછળ નાની ખોડીયાર રોડ પર આવેલ અલહયાત કોમ્પ્લેક્સમાં રહેતો પરવેઝ હકીમભાઈ સૈયદ તેમજ આણંદ તાલુકાના વલાસણ ગામમાં મસ્જીદે આયશાની પાસે



આવેલ પઠાણવાડા વિસ્તારમાં રહેતો મોસીન સિરાજખાન પઠાણ ચોરીછુપીથી એમ.ડી.ડ્રગ્સની ડીલીવરી કરતાં હોવાની અને હાલ આ બંને જણાં કાળા કલરનુ બર્ગમેન (મોપેડ) ઉપર એમ.ડી.ડ્રગ્સ લઈને કરમસદ ભુતીયાવડ થઈ વલાસણ તરફ જનાર હોવાની બાતમી વિદ્યાનગર પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે તુરંત જ કરમસદ ભુતીયાવડ થી વલાસણ જવાના રોડ ઉપર આવેલ દાદાજીની વાડી નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબના વર્ણનવાળું મોપેડ આવતાં પોલીસે તેને રોક્યું હતું અને મોપેડ પર સવાર પરવેઝ હકીમભાઈ સૈયદ તેમજ મોસીનખાન સિરાજખાન પઠાણની અટકાયત કરી, તલાશી લીધી હતી. જેમાં આ બંને પાસેથી રૂપિયા 53,600 કિંમતનું 5.36 ગ્રામ જેટલું એમફેટામાઈન/એમ્ફેટામાઈન ડેરીવેટીવ્સ/ મેફેડ્રોન ડ્રગ્સ (MD) તેમજ રૂપિયા 62,50,000 કિંમતનું 250 મીલીગ્રામ LSD DRUGS મળી આવ્યું હતું. આમ પોલીસે કુલ રૂપિયા 63,03,600 કિંમતનું ડ્રગ્સ તેમજ મોબાઈલ, મોપેડ, રોકડ સહિત કુલ રૂપિયા 63,85,700નો મુદ્દામાલ જપ્ત કરી, બંને વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

## વડોદરા SOG પોલીસે NDPS કેસમાં પરપ્રાંતીય વોન્ટેડ આરોપીની ધરપકડ કરી

6 કિલો અફીણના કેસમાં અગાઉ બે આરોપી પકડાયા હતા

• વડોદરા

વડોદરા શહેર SOG પોલીસે હરણી પોલીસ સ્ટેશનના NDPS કેસમાં વોન્ટેડ આરોપી લક્કીરામ ભોનીરામ સુથાર (રહે. તિત્રોડગામ, તા. સીતામઉ, જી. મંદસૌર, મધ્યપ્રદેશ)ની મધ્યપ્રદેશથી ધરપકડ કરી છે. આ કેસમાં 6.09 લાખ રૂપિયાની કિંમતનો 6 કિલો 90 ગ્રામ અફીણ સહિત 7.65 લાખની કિંમતનો અન્ય મુદ્દામાલ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ગત તા. 09/01/2025ના રોજ મોડી રાત્રે ગોલ્ડન ટોલનાકા નજીક નવીનગરી ઝૂંપડપટ્ટી પાસે SOG પોલીસની ટીમે બાતમીના આધારે રેડ કરી હતી. આ રેઈડમાં બે આરોપી ભંવરલાલ ગોવર્ધનલાલજી જયપાલ (રહે. ગાંગાખેડી ચોરાયા, તિત્રોડ, મધ્યપ્રદેશ) અને દેવજીભાઈ ખોડાભાઈ પ્રજાપતિ (રહે. મહાકાળી સોસાયટી, ન્યૂ સમા રોડ, વડોદરા) પકડી પડ્યા હતા. તેઓ પાસેથી 6 કિલો 90 ગ્રામ અફીણનો જથ્થો અને અન્ય મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આરોપીઓ વિરુદ્ધ હરણી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. ભંવરલાલની પૂછપરછમાં જાણવા મળ્યું કે, અફીણનો જથ્થો લક્કીરામ ભોનીરામ સુથારે અપાચી મોટરસાયકલની સીટ નીચે સંતાડીને આપ્યો હતો, જેની સપ્લાય કોમલ કનૈયાલાલ જાટ પાસેથી થઈ હતી. એસ.ઓ.જી. ટીમે પોલીસ કમિશનરની સૂચના અને પીઆઈ એસ.ડી. રાતડાના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી લક્કીરામની મધ્યપ્રદેશના તિત્રોડગામ ખાતે વહેલી સવારે ધરપકડ કરવામાં આવી હતી.

---

**સવારથી 422 અપોઈમેન્ટ રિશિડ્યુલ કરાઈ**

## ડેટા ફેચ સિસ્ટમ ખોરવાતા RTO ટેસ્ટ ટ્રેક બંધ થતા અરજદારોને ધરમનો ધક્કો

• વડોદરા

વડોદરા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી ખાતે ગત સાંજ બાદ જીસ્વાન નેટ કનેક્ટિવિટીમાં ડેટા ફેચ સિસ્ટમ ખોરવાતાં ટેસ્ટ ટ્રેક બંધ કરવાની ફરજ પડી હતી. જીસ્વાન કનેક્ટિવિટી ગત બપોર બાદ ખોરવાતાં સાંજે અને આજે આખો દિવસ RTO ટેસ્ટ ટ્રેક બંધ રહ્યો હતો. જેના કારણે સવારે આવેલા 40થી વધુ અરજદારોને ધરમનો ધક્કો પડ્યો હતો. RTO વિભાગ દ્વારા આવતીકાલે અને પરમ દિવસે રજા હોવાથી ટુ-વ્હીલરના આજે 256 અને ફોર-વ્હીલરના



166 મળી કુલ 422 જેટલી અપોઈન્ટમેન્ટ આગામી દિવસોમાં રિશિડ્યુલ કરવામાં આવી છે.

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી વડોદરા ગત બપોર બાદ લાયસન્સ માટે ટેસ્ટ ટ્રેક પર ટેસ્ટ ટ્રેક ટેકનિકલ કારણોસ બંધ થયો હતો. જે આજે સવારથી ડેટા ફેચમાં ઈશ્યૂ હોવાથી અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં વડોદરા RTO સાથે ટેસ્ટમાં ટુ-વ્હીલર માટે 270 અને ફોર-વ્હીલર માટે 180 સ્લોટ બુક થતા હોય છે. જેની સામે આજે 422 જેટલી એપોઈન્ટમેન્ટ રિશિડ્યુલ કરવામાં આવી છે.

વડોદરા RTO વિભાગ સહિત રાજ્યમાં મોટાભાગના RTO ટેસ્ટ પર આ મુશ્કેલી હોવાનું હાલમાં જાણવા મળી રહ્યું છે. ગઈકાલ સાંજ બાદ આ પ્રકારની મુશ્કેલી RTO કચેરીના ટેસ્ટ ટ્રેક પર સર્જાઈ હતી. જ્યારે આવા કિસ્સાઓમાં RTO વિભાગ દ્વારા મેસેજ અને કોલ દ્વારા અરજદારોને એડવાન્સમાં જાણ કરવામાં આવે છે, પરંતુ કેટલાક અરજદારો મેસેજ લેટ જોવાના કારણે RTO કચેરી ખાતે પહોંચી જાય છે. આજે પણ RTO કચેરીનો ટેસ્ટ ટ્રેક બંધ હોવાથી સૂમસામ જોવા મળ્યો હતો.

---

**ન્યૂઝ ફોકસ** દેણા સૂર્યા નદી કાંઠે 3 હેક્ટરમાં તૈયાર કરાયેલા આ બફર લેકમાં 25 કરોડ લિટર પાણીનો સંગ્રહ કરાશે જેના કારણે ચોમાસા દરમિયાન વડોદરા શહેર તરફ આવતા પાણીને મહદઅંશે નિયંત્રિત કરી શકાશે. નોંધનીય છે કે, વિશ્વામિત્રી પૂર નિયંત્રણ સમિતિ દ્વારા અહી બફરલેક બનાવવાનું સૂચન કરાયું હતું જે હાલ બનીને તૈયાર થઇ ગયું છે.

# દેણા ગામની સીમમાં સૂર્યા નદીના કાંઠે ૩ હેક્ટરમાં બફર લેક તૈયાર

**વડોદરા સુધી પહોંચતા પૂરને નિયંત્રણમાં રાખવા બનાવેલા તળાવમાં ૨૫ કરોડ લિટર પાણી સંગ્રહિત થશે**

• વડોદરા

વડોદરાને વિશ્વામિત્રી નદીના પૂરના પાણીથી બચાવવા માટે ચાલી રહેલી પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે 1200 કરોડની ફાળવણી કરી છે. હાલ પ્રથમ ફેઝની કામગીરી ચાલી રહી છે. વિશ્વામિત્રી નદીમાં દર વર્ષે આવતા પૂર પર નિયંત્રણ લાવી શકાય તે માટે અલગ અલગ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. તે પૈકીનો એક પ્રોજેક્ટ સૂર્યા નદી કિનારે બફર લેક બનાવવાનો હતો જે માત્ર 100 દિવસમાં બનીને તૈયાર થઈ ગયુ છે. દેણા સૂર્યા નદી કાંઠે 3 હેક્ટરમાં તૈયાર કરાયેલા આ બફર લેકમાં 25 કરોડ લિટર પાણીનો સંગ્રહ કરાશે જેના કારણે ચોમાસા દરમિયાન વડોદરા શહેર તરફ આવતા પાણીને મહદઅંશે નિયંત્રિત કરી શકાશે. નોંધનીય છે કે, વિશ્વામિત્રી પૂર નિયંત્રણ સમિતિ દ્વારા અહીં બફરલેક બનાવવાનું સૂચન કરાયું હતુ જે હાલ બનીને તૈયાર થઈ ગયું છે. આ બફર લેક અંગેની માહિતી આપતા વડોદરા કોર્પોરેશનના વિભાગનાએડિશનલસિટીએન્જિનિયર (પાણી પુરવઠા વિભાગ) ધાર્મિક દવેએ જણાવ્યું હતુ કે, પૂર નિયંત્રણ સમિતિ દ્વારા વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત વિશ્વામિત્રી નદીમાં પૂરને નિયંત્રણમાં રાખવા માટે દેણા ગામની સીમમાં સૂર્યા નદીના કિનારે બફર લેક બનાવવાનું સુચન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બફર લેક બનાવવામાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તા. 24 ફેબ્રુઆરી 2025 ના રોજ 5 હેક્ટરમાં બફર લેક બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. જે નિર્ધારીત 100 દિવસમાં પૂરું કરી દેવામાં આવ્યું છે. આ બફર લેક 5 હેક્ટર જમીન પૈકી 3 હેક્ટર જમીનમાં બનાવવામાં આવ્યું. આ લેક 5 મીટર ઉંડુ બનાવવામાં આવ્યું છે. જેનો ઘેરાવ 3 હેક્ટર જમીનમાં છે. આ બફર લેક બનાવવા માટે 3 પોલેન્ડ મશીન અને 70 ડમ્પર કામમાં લાગ્યા હતા. આ બફર લેક CSR ફંડ અને સરકારની સુજલામ સુફલામ્ યોજના અંતર્ગત બનાવવામાં આવ્યું છે. એડિશનલ સિટી એન્જિનિયર (પાણી પુરવઠા વિભાગ) ધાર્મિક દવેના જણાવ્યા પ્રમાણે, આજવા સરોવરમાંથી છોડવામાં આવતું પાણી સૂર્યા નદીમાં આવે છે. આ સૂર્યા નદી દેણા ગામ પાસે વિશ્વામિત્રીને મળે તે પહેલાં સૂર્યા નદીના કિનારે વિશાળ બફર લેક બનાવવામાં આવ્યું છે. જેથી આજવા સરોવરમાંથી છોડવામાં આવતું પાણી અત્યાર સુધી સૂર્યા નદીમાં અને ત્યાંથી વિશ્વામિત્રીમાં જતું હતું. તે પૈકીના 25 કરોડ લિટર પાણીને આ લેકમાં રોકી લેવાશે. તેમણે જણાવ્યું કે, આગામી વર્ષોમાં આ બફર લેક નજીક ચેક ડેમ બનાવવામાં આવશે. હાલ ચેકડેમ છે. પરંતુ, આ ચેકડેમ જર્જરીત થઈ ગયો હોવાથી નવો



